# તપાગચ્છીય શ્રમણ સંમેલન

(વિ.સં.૨૦૭૨)

## શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાનુસાર સર્વસંમત નિર્ણયો

-: પ્રકાશક :-

તપાગચ્છીય શ્રમણોપાસક શ્રીસંઘ

।। जयउ सव्वण्णुसासणं ।।

।। णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

।। श्रीशत्रुंजयमण्डन श्रीआदिनाथाय नमः ।।

# તપાગચ્છીય શ્રમણ સંમેલન

(વિ.સં.૨૦૭૨)

## શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાનુસાર સર્વસંમત નિર્ણયો

**-:: દિવ્યાશિષ ::-**

સુવિશાલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

હાલારદેશોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી** મહારાજા

ગણનાયક પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયશાન્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**-:: પ્રકાશક ::-**

**તપાગચ્છીય શ્રમણોપાસક શ્રીસંઘ**

-:: નામ ::-

# તપાગચ્છીય શ્રમણ સંમેલન

(વિ.સં.૨૦૭૨)

## શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાનુસાર સર્વસંમત નિર્ણયો

આવૃત્તિઃ પ્રથમ

-:: પ્રકાશનવેળા ::-

નકલઃ ૫૦૦૦

વિ.સં.૨૦૭૨, ચૈત્ર વદ ૧, શનિવાર, તા.૨૩-૪-૨૦૧૬

મુખપૃષ્ઠ ક્રમાંક ૪ પર રહેલ

### 'તપાગચ્છ'નું આ પ્રતીક શું સૂચવે છે?

શ્રીસુધર્માસ્વામીની પાટપરંપરા સૌ પ્રથમ 'નિર્ગ્રન્થગચ્છ'ના નામે પ્રખ્યાત બની, ત્યારબાદ અનુક્રમે કોટિકગચ્છ, ચન્દ્રગચ્છ, વનવાસીગચ્છ અને વડગચ્છના નામે પ્રખ્યાત બની. તે વડગચ્છમાંથી ૪૪મી પાટે આવેલા પૂ.આ.શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજાથી તે પાટપરંપરા 'તપાગચ્છ'ના નામે પ્રખ્યાત બની, જે આજે પણ જિનશાસનરૂપ ગગનમાં, હજાર કિરણોરૂપ શાખા-પ્રશાખાઓ દ્વારા સૂર્યની જેમ પ્રકાશી રહી છે અને મોક્ષમાર્ગના પથિકને શીતળછાયા આપી રહી છે. આ વાત પ્રતીકમાં રહેલા વડ, 'તપાગચ્છ' શબ્દ અને સૂર્ય દ્વારા સૂચવાય છે.

-:: પ્રાપ્તિસ્થાન ::-

મહારાષ્ટ્રભુવન ધર્મશાળા

તળેટી રોડ, પાલીતાણા, જિ.ભાવનગર-૩૬૪૨૭૦.

## -:: પ્રકાશકીય ::-

શ્રી શત્રુંજયમહાતીર્થની પાવન છત્રછાયામાં વિ.સં.૨૦૭૨ના ફાગણ વદ ૩ થી ફાગણ વદ ૮ના દિવસો દરમ્યાન તપાગચ્છના ત્રણ સમુદાયોના ૪૫ આચાર્યભગવંતો તથા ૧૯૦૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોના સમર્થન સાથે મહારાષ્ટ્રભુવન ખાતે તપાગચ્છીય શ્રમણસંમેલન યોજાયું.

સમગ્ર જૈનશાસનની ધરીરૂપ પંચાચારને આધાર બનાવી તત્ર ઉપસ્થિત ૧૬ આચાર્યભગવંતો, અનેક પદસ્થ પૂજ્યો આદિ શતાધિક મહાત્માઓએ રોજના કલાકો સુધી સઘન વિચારણા કરી.

ચતુર્વિધ શ્રીસંઘમાં પંચાચારના પાલનમાં દઢતા આવે, પ્રવેશી ગયેલી શિથિલતાઓ દૂર થાય, વિષમકાળના પ્રભાવે મૂળ પ્રભુમાર્ગની સામે ઊભા થયેલા વિપરીત પ્રવાહોથી શ્રીસંઘને સાવધ કરી શકાય અને આના દ્વારા ભારતભરના અને વિદેશસ્થ જૈનોને સાચું માર્ગદર્શન મળી રહે તે માટે પૂજ્ય આચાર્યભગવંતોએ ૭૮ જેટલા નિર્ણયો કર્યા. તે નિર્ણયોની ઉદ્‌ઘોષણા ફાગણ વદ ૯ શનિવાર તા.૨-૪-૨૦૧૬ના રોજ ભારતભરમાંથી પધારેલા અનેક સંઘોના આગેવાન આદિ ૩૦૦૦થી વધુ ભાવિકોની ઉપસ્થિતિમાં કરવામાં આવી, જેને સૌએ હર્ષભેર વધાવી લીધી.

આજની આ સભામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ પણ ઠરાવની ઉદ્‌ઘોષણા સમયે આદિથી અંત સુધી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ પ્રસંગને અનુરૂપ મનનીય ઉદ્‌બોધન કર્યું હતું.

આ ૭૮ નિર્ણયોને જરૂરી વિશેષનોંધ સાથે પ્રકાશિત કરી સકળ શ્રીસંઘના કરકમળમાં મૂકતા અમો અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ નિર્ણયોના પાલન માટે આપણે સૌ આ ક્ષણથી જ કટિબદ્ધ બનીએ. તેના દ્વારા શ્રીજૈનશાસનની ઉત્કૃષ્ટ આરાધના કરીને પૂજ્યોએ આપણા પરની હિતબુદ્ધિથી કૃપા કરીને જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેને સફળ બનાવવાપૂર્વક મુક્તિપદના ભોક્તા બનીએ એ જ એક શુભાભિલાષા.

**- તપાગચ્છીય શ્રમણોપાસક શ્રીસંઘ**

# પાલીતાણાના વિરાટ (!) તપાગચ્છીય શ્રમણ સંમેલન અંગે નિવેદન

પાલીતાણા ખાતે વિ.સં.૨૦૭૨ના ફાગણ વદ ૩, તા.૨૬-૦૩-૨૦૧૬થી શરૂ થઈ રહેલા શ્રમણ સંમેલનમાં જોડાવા માટે અમને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જો કે આમંત્રણ આપનાર 'પ્રવર સમિતિ'માં અમારા સમુદાયને સ્થાન અપાયું નથી; એટલું જ નહિ, પણ 'સંમેલનમાં શું એજન્ડા છે?' તેની પણ આજ સુધી અમને જાણ કરાઈ નથી. આમ છતાં, એક માત્ર શાસનહિતને નજર સમક્ષ રાખીને શાસ્ત્રનીતિ અનુસાર સહભાગી બનવાની સંમતિ અમોએ લખી મોકલી હતી.

પરંતુ ત્યારબાદ લગભગ અઢી માસ પછી સૌને વિશ્વાસમાં લીધા વિના સંમેલન માટેની નવી આઠ કલમો દાખલ કરવામાં આવી, અને અત્યાર સુધીના સંમેલનોમાં ક્યારેય ન બની હોય તેવી 'આઠ કલમની નીચે સહી કરે તેને જ સંમેલનમાં પ્રવેશ' આવી નીતિ અખત્યાર કરવામાં આવી.

એ આઠ કલમમાં શાસનની એકતા અને સમન્વય માટે જોખમી બને તેવી વાંધાજનક, મુખ્યત્વે બે કલમો દૂર થાય અથવા યોગ્ય સુધારો થાય તે માટે અમોએ સાડા પાંચ મહિના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ તે પ્રયત્નોને ધ્યાનમાં લેવામાં ન આવ્યા અને એક ચોક્કસ વર્તુળ દ્વારા સંમેલનમાં અમો પ્રવેશ ન કરી શકીએ તેવી સ્થિતિ ઊભી કરવામાં આવી; તેથી અમો નીચે સહી કરનારા ત્રણ સમુદાયો (૪૫ જેટલા આચાર્યો, ૧૯૦૦ જેટલા સાધુ-સાધ્વીઓ) સંમેલનમાં પ્રવેશ નથી કરી શક્યા તેની શ્રીસંઘને જાણ કરવામાં આવે છે.

**જિનશાસનમાં શાસ્ત્રમતિ જ સર્વોપરી છે. શાસ્ત્રમતિ સહિતના નિર્ણયો સર્વસંમત હોય ત્યારે તેનું પાલન વિના વિરોધે શ્રીસંઘમાં થાય. શ્રીસંઘના યોગક્ષેમ માટે શ્રમણ સંમેલનો યોજાય છે, ત્યારે આ શાસ્ત્રનીતિ-રીતિ મુજબ મહાપુરુષો શ્રીસંઘને એક સૂત્રે પરોવાયેલો રાખે છે.**

વિસંવાદ હોય ત્યાં સંવાદ સાધવા માટે સંમેલન યોજાતું હોય છે, આ સંમેલનમાં સંવાદ સધાવાના બદલે સંમેલન પહેલા જ શરતો દ્વારા વિસંવાદ ઊભો કરવામાં આવ્યો છે. સંમેલનમાં જો સર્વમાન્ય ઠરાવો નહિ થાય તો શ્રીસંઘોમાં સંગઠન અને સંવાદ કઈ રીતે થશે?

સમસ્ત તપાગચ્છીય શ્રમણ સંમેલન યોજવા માટે જાહેર થયેલું આ શ્રમણ સંમેલન હવે માત્ર એકપક્ષીય જ શ્રમણ સંમેલન બની ગયું હોય તેવું જણાય છે. આથી એકતરફી-એકપક્ષીય સંમેલનના નિર્ણયો સમસ્ત તપાગચ્છને બંધનકર્તા નહિ રહે, તેની નોંધ લેવી.

શ્રમણપ્રધાન ચતુર્વિધશ્રીસંઘને શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સુવિહિત પરંપરાનુસારી માર્ગદર્શન મળી રહે તે માટે પાલીતાણા ખાતે મહારાષ્ટ્રભુવન ધર્મશાળામાં અમે તપાગચ્છીય શ્રમણ સંમેલન રાખવાનો નિર્ણય કર્યો છે. જેનો પ્રારંભ વિ.સં.૨૦૭૨ ફાગણ વદ ૩ના સવારે થશે. તેની ભારતભરના શ્રીસંઘોએ નોંધ લેવી.

**પૂ.આ.શ્રી વિજયરામચન્દ્રસૂ.મ.ના**
**સમુદાય વતી**
**વિજયપુણ્યપાલસૂરિ**

**પૂ.આ.શ્રી વિજયશાન્તિચન્દ્રસૂ.મ.ના**
**સમુદાય વતી**
**વિજયસોમસુંદરસૂરિ**

**પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂ.મ.ના**
**સમુદાય વતી**
**વિજયહેમેન્દ્રસૂરિ**

(ઉપર મુજબનું નિવેદન ગુજરાત સમાચાર આદિ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.)

## તપાગચ્છીય શ્રમણ સંમેલનના નિર્ણયોનો ઉદ્‌ઘોષણાદિન

વિ.સં.૨૦૭૨ ફાગણ વદ ૯ શનિવાર તા.૨-૪-૨૦૧૬ ઉદ્‌ઘોષણા સ્થળ : શ્રી અંકીબાઈ ધર્મશાળા

**નિમંત્રક : શ્રીતપાગચ્છીય શ્રમણ સંમેલન અનુમોદક સમિતિ**

**પાલીતાણા-મહારાષ્ટ્રભુવન મધ્યે**

**'શ્રી તપાગચ્છીય શ્રમણ સંમેલન'ની સમાપન સભા પ્રસંગે ગવાયેલું**

**-: પ્રાસંગિક ગીત :-**

(તર્જ: જહાં ડાલ-ડાલ પર સોને કી ચિડિયાં)

આ અખિલ વિશ્વના સર્વ જીવોનું સાચું હિત કરનારું ........... આ જિનશાસન છે મારું
તન-ધન-સ્વજનો, અરે જીવનથી પણ સૌથી વધુ છે પ્યારું ........... આ જિનશાસન છે મારું
સર્વજ્ઞ દેવ નિર્ગ્રંથ ગુરુ, જ્યાં ધર્મ દયામય સોહે
સંતોષ ક્ષમા સમતા સંયમ, જ્યાં સદ્‌ગુણ મનને મોહે
શ્રી જિનવરની ઝગમગ જ્યોતિ, જ્યાં દૂર કરે અંધારું..... આ જિનશાસન...
મહિમાવંતા પ્રાચીન હજારો તીર્થોથી ઝળહળ છે
ગૌરવવંતા ઈતિહાસે આખું જિનશાસન ઉજ્જવળ છે
એની રક્ષા કાજે અર્પણ કરશું સર્વસ્વ અમારું..... આ જિનશાસન...

આ જગત બને કોમળ શીતળ, એવા આપે સંસ્કારો
ના ક્યાંય કરે ઉપદ્રવ એવા, મુનિઓના છે આચારો
સૌને પાવનકારી મુનિઓનું જીવન સૌથી ન્યારું..... આ જિનશાસન...
જે મર્મ-રહસ્યો જીવનનાં, સૃષ્ટિરચનાના ખોલે
જે જોઈ દુનિયાભરના વિદ્વાનોના મસ્તક ડોલે
તે આગમગ્રંથોની રક્ષા-વૃદ્ધિ કર્તવ્ય અમારું..... આ જિનશાસન...
મહારાષ્ટ્રભુવન પાલીતાણા, બે હજાર બહોંતેર વર્ષે
શ્રી તપાગચ્છીય શ્રમણોનું, સંમેલન કરુણા વરસે
સર્વાનુમતે શાસ્ત્રીય નિર્ણયો, શુભ મંગલ લેનારું..... આ જિનશાસન...
આચાર્યોએ શાસ્ત્રોનું મંથન, કરીને આપ્યા નિર્ણય
તેનું પાલન કરવાનો આજે, મનથી કરીએ નિશ્ચય
આજે એવું લાગે છે કે, આ જગત નથી નોંધારું..... આ જિનશાસન...
વિઘ્નો સંકટ આપત્તિ ભલે, આવે મનથી ના ડગશું
શાસ્ત્રો સિદ્ધાંતોને પ્રાણોના, ભોગે પણ જાળવશું
આશિષ આપો, મહાસત્ત્વ મળે, સંકલ્પ સફળ કરનારું..... આ જિનશાસન...

# -:: ભૂમિકા ::-

અનાદિ-અનંતકાળથી શાશ્વત સિદ્ધાંતોના આધારે ચાલતું શ્રીજૈનશાસન જગતના જીવોને સન્માર્ગની પ્રાપ્તિમાં કારણ બને છે. અવસરે અવસરે આ વિશ્વમાં અવતરતા શ્રીતીર્થંકરભગવંતો પોતાની વિશિષ્ટ ભાવકરુણાના પરિપાકરૂપે શાસનની સ્થાપના કરીને વિશ્વને વાસ્તવિક મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. એ તારકોની અનુપસ્થિતિમાં પણ તેઓશ્રીજીએ વહેતો કરેલો મોક્ષમાર્ગ જગતના જીવો માટે દીવાદાંડીરૂપ બની રહે છે. આસન્ન ઉપકારી શ્રી વીર પરમાત્માએ આજથી ૨૫૭૨ વર્ષ પૂર્વે શાસન સ્થાપીને આવા જ મોક્ષમાર્ગને વહેતો કરેલો.

અવસર્પિણીકાળ અને એમાંય અનંતકાળે આવતો હુંડા અવસર્પિણીકાળ, પાંચમો આરો, કેવળીભગવંતો અને પૂર્વધરમહાપુરુષોનો ક્રમશઃ થઈ રહેલો અને છેવટે થઈ ગયેલો વિરહ, આ બધાં પરિબળોને કારણે અણિશુદ્ધ મોક્ષમાર્ગને ટકાવવા તે તે સમયે શ્રીસંઘને અથાક પ્રયત્નો કરવા પડ્યા છે.

સૌ પ્રથમ પ્રયત્નરૂપે વીર સં. ૧૬૦માં જ્યારે ચૌદપૂર્વોનું જ્ઞાન ધરાવનાર માત્ર એક મહાપુરુષ પૂ.ભદ્રબાહુસ્વામીજી જ રહેલા, ત્યારે પાટલીપુત્રમાં ભેગા થયેલા શ્રીસંઘે ૫૦૦ ચુનંદા સાધુભગવંતોને પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા ખાસ આજ્ઞા કરીને શ્રીભદ્રબાહુસ્વામીજી પાસે મોકલ્યા હતા, કારણ કે શ્રીસંઘ એમ સમજતો હતો કે 'શ્રુત હશે તો જ માર્ગ ટકશે.'

ત્યારબાદ વીર સં. ૫૯૨માં મંદસૌરનગરમાં પૂજ્ય આચાર્યશ્રીઆર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ચતુર્વિધસંઘ એકઠો થયો હતો. તે વખતે પણ શ્રુતપ્રાપ્તિ સૌના માટે સુલભ બને એ માટે, વિષમકાળના પ્રભાવે હીયમાન ક્ષયોપશમને ધ્યાનમાં લઈ તે પૂજ્યશ્રીએ સમગ્ર શ્રુતને ચાર અનુયોગના વિભાગમાં વહેંચી દીધું અને પડતા કાળના કારણે બદલાઈ રહેલા આત્મપરિણામોને ધ્યાનમાં લઈ, લાયક આત્માઓનું હિત જોખમાય નહિ તે માટે સાધ્વીજી ભગવંતોના કેટલાક અધિકારો મર્યાદિત કર્યા.

વીર સં. ૮૩૦ થી ૮૪૦ દરમ્યાન ભૂલાઈ રહેલા આગમજ્ઞાનને ટકાવી રાખવા વલ્લભીપુર અને મથુરામાં આગમવાચનાઓ થઈ. એની પાછળ પણ આશય એક જ હતો : જિનાજ્ઞા આગમગ્રન્થો દ્વારા જાણી શકાય છે અને ધર્મ જિનાજ્ઞા સાથે બંધાયેલો છે.

વીર સં. ૯૮૦માં શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણભગવંતે વલ્લભીપુરમાં ૫૦૦ આચાર્યભગવંતોની સાથે મળીને શ્રુતરક્ષા માટે અપરંપાર પ્રયત્નો કર્યા.

એ પછીના પણ હજાર-પંદરસો વર્ષના જૈનશાસનના ઈતિહાસને જોતાં જણાય છે કે અનેકાનેક શ્રમણસંમેલનો આચાર-વિચારની દૃઢતા માટે મળ્યાં. અને સાધુમર્યાદાપટ્ટકો રચાયા.

આ બધા જ શ્રમણસંમેલનોમાં એકસરખું જણાતું લક્ષણ જો કોઈ હોય તો એ જ કે દરેક મહાપુરુષોએ આવા સમયે જિનાજ્ઞાને વફાદાર રહી, શાસ્ત્રોને અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાને દૃષ્ટિ સમક્ષ રાખીને જ શ્રીજૈનશાસનને સુરક્ષિત રાખવાનો અને શ્રીસંઘનો યોગ-ક્ષેમ કરવાનો સમ્યક્ પ્રયત્ન કર્યો છે.

શ્રીજિનાજ્ઞાનું વહન કરતી શાસ્ત્રાજ્ઞા અખંડિત રહે અને શ્રીસંઘનું ઐક્ય જળવાઈ રહે તે માટેના પ્રયત્નો સૌએ કર્યા. વિષમકાળના પ્રતાપે મહાપુરુષો સમક્ષ જ્યારે પણ એવી પરિસ્થિતિ આવીને ઊભી રહી કે બેમાંથી એક પસંદગી કરવાની છેઃ કાં બધા સાથે રહો કાં શાસ્ત્રની સાથે રહો. ત્યારે શ્રીજિનવચનને જ તારક સમજતા સૌ પૂજ્યોએ પોતાનું જીવન શ્રીજિનવચનના ચરણે ધર્યું હતું.

ખૂબ નજીકનો ભૂતકાળ તપાસીએ તો વિ.સં. ૧૯૭૬, વિ.સં.૧૯૯૦ અને વિ.સં.૨૦૧૪માં પણ તત્કાલીન ધુરીણ ધર્માચાર્યો આ જ માર્ગે ચાલ્યા છે અને આપણા સુધી અણિશુદ્ધ અને અવિચ્છિન્ન મોક્ષમાર્ગ પહોંચાડ્યો છે.

એ જ વારસાને વરેલા આપણા વર્તમાનકાલીન પૂજ્યોએ પણ જ્યારે વિ.સં.૨૦૭૨માં સંમેલન માટેનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે શાસન અને શ્રીસંઘના હિતને નજર સામે રાખીને પ્રસ્તુત શ્રમણસંમેલનમાં સહભાગી બનવા પોતાની સંમતિ દર્શાવી જ હતી. પરંતુ ત્યારબાદ જ્યારે પરિસ્થિતિએ અલગ જ વળાંક લીધો અને શાસ્ત્રમતિ આધારિત સર્વસંમતિને બદલે બહુમતીનું ધોરણ અપનાવવું વગેરે વાત આવી ત્યારે એ અંગે પુનર્વિચાર થાય અને આજ સુધીની પ્રભુશાસનની પરિપાટીને યથાવત્ જાળવવામાં આવે તે માટે અપાર પ્રયત્નો કરાયા. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આગેવાનોએ પણ આ અંગે પ્રયત્નો કર્યા હતા.

કોઈ વિચિત્ર ભવિતવ્યતાના યોગે વિ.સં.૨૦૭૨ ફાગણ વદ ૨ તા.૨૫-૩-૨૦૧૬ની રાત્રિના સાડાદશ વાગ્યા સુધી ચાલેલા એ પ્રયત્નોને જ્યારે ધ્યાનમાં ન જ લેવામાં આવ્યા, ત્યારે જૈનશાસનની ચાલી આવતી પરિપાટીને બદલે બહુમતીની નવી પરિપાટી શાસનમાં ન પ્રવેશી જાય, તે માટે અને શ્રી જૈનસંઘ સમસ્તને શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરા મુજબ, સર્વસંમતિથી સાચું માર્ગદર્શન મળી રહે, તે માટે બીજા દિવસથી જ તપાગચ્છીય શ્રમણ સંમેલનનો પ્રારંભ પાલીતાણા મહારાષ્ટ્રભુવન મધ્યે થયો.

લગાતાર સાત-સાત દિવસ સુધી રોજના કલાકો સુધી અથાક પ્રયત્ન કરીને પૂજ્યોએ તમામ તપાગચ્છીય શ્રીસંઘોને પંચાચારના પાલનમાં દઢ બનાવવા માટે ૭૮ નિર્ણયો લીધા. પાલીતાણામાં અનુપસ્થિત વિશિષ્ટ પ્રજ્ઞા ધરાવતા પૂજ્યોના પણ અભિપ્રાયો મંગાવી શાસ્ત્રસંમત સર્વસંમતિથી એ નિર્ણયોને અંતિમ ઓપ અપાયો.

વિ.સં. ૨૦૭૨ના ફાગણ વદ ૯ શનિવાર તા.૨-૪-૨૦૧૬ના રોજ તે નિર્ણયોની ઉદ્‌ઘોષણા સમસ્ત સંઘ સમક્ષ કરવામાં આવી. એ જ નિર્ણયો આજે વિધિવત્ આપશ્રી સુધી પહોંચાડવામાં આવ્યા છે. તપાગચ્છીય શાસ્ત્રપ્રેમી શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘ આ નિર્ણયોને સમજી, સ્વીકારી, સ્વ-સ્વભૂમિકાનુસાર સ્વજીવનમાં અને શ્રીસંઘમાં અમલમાં મૂકી, આત્મકલ્યાણ સાધે એ જ શુભાભિલાષા.

# શ્રીસિદ્ધાચલતીર્થે શ્રીમહારાષ્ટ્રભુવન મધ્યે
# તપાગચ્છીય શ્રમણ સંમેલન દ્વારા શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી
# સુવિહિતપરંપરાનુસાર સર્વસંમતિથી લેવાયેલ નિર્ણયો

## -: સામાન્ય ભૂમિકા :-

શ્રીજૈનશાસન પંચાચારમય છે. આચાર્યભગવંતો જૈનશાસનના રાજાને સ્થાને છે, તેથી 'પાળે પળાવે પંચાચાર'- સૂત્ર મુજબ આચાર્યભગવંતો સ્વયં પંચાચારનું પાલન કરવાપૂર્વક ચતુર્વિધ શ્રીસંઘને પંચાચારનું પાલન કરાવે છે. શ્રમણ-શ્રમણી ભગવંતોએ પણ પંચાચારની વિરાધના ન થાય તેની કાળજીપૂર્વક પંચાચારનું સ્વયં પાલન કરવાનું હોય છે. એ જ રીતે શ્રાવક-શ્રાવિકાસંઘે પણ પોતપોતાની કક્ષા-ભૂમિકા મુજબ પંચાચારનું પાલન કરવાપૂર્વક ચતુર્વિધ શ્રીસંઘના પંચાચારના પાલનમાં પોતાની શક્તિ-સંયોગાનુસાર સહાયક બનવાનું છે. તેથી શ્રીસંઘમાં પંચાચારનું પાલન સમ્યગ્ રીતે થાય, તેમાં ક્યાંય ત્રુટી ન આવે, આવી હોય તો દૂર થાય, તે વાતને લક્ષ્યમાં લઈને આ તપાગચ્છીય શ્રમણ સંમેલનમાં નાના-મોટા અનેક ઠરાવો કરવામાં આવ્યા છે.

## -: જ્ઞાનાચાર :-

## ભૂમિકા

અનાદિકાળથી આત્મા અજ્ઞાન અને મિથ્યાજ્ઞાનના કારણે સંસારમાં રખડી રહ્યો છે. આ પરિભ્રમણ અટકાવવાની ક્ષમતા સમ્યગ્જ્ઞાનમાં રહેલી છે. આત્માના અનંત ગુણોમાં પ્રથમ ગુણ જો કોઈ હોય તો આ જ્ઞાન છે, એ જ્ઞાન ગુણને પ્રગટાવવા માટે જ જૈનશાસનમાં આઠ પ્રકારનો જ્ઞાનાચાર બતાવવામાં આવ્યો છે. ચતુર્વિધ શ્રીસંઘમાં એ જ્ઞાનાચારનું સમ્યગ્ પાલન થાય અને વિરાધનાથી બચી શકાય એ માટેના નિર્ણયો:

### ૧) પંચ પરમેષ્ઠિનો વિનય

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો જિનશાસનમાં પરમ ઉપાસ્ય તત્ત્વો છે. અને વિનય એ ધર્મનું મૂળ છે તેથી તેમના નામગ્રહણાદિ વિનય અને હાર્દિક બહુમાનપૂર્વક જ કરવા જોઈએ. પરદેશના વિદ્વાનો અને તેમના પગલે ચાલતા દેશના જૈન-જૈનેતર સુધારક વિદ્વાનો પોતાના લખાણ અને વક્તવ્યોમાં પંચપરમેષ્ઠિમાં બિરાજમાન દેવ અને ગુરુભગવંતોના નામનો ઉલ્લેખ ગૌરવ કે ઔચિત્ય પણ સાચવ્યા વિના કરતા હોય તેવું જોવા મળે છે, જે પ્રત્યેક જૈન

માટે આઘાતજનક છે. આવો અવિવેક છેવટે જૈનો તો ન જ કરે તે માટે દરેક જૈને પોતાના લખાણમાં, વક્તવ્યમાં કે વાતચીતમાં શ્રી પંચપરમેષ્ઠિમાં બિરાજમાન દેવ અને ગુરુતત્ત્વોનું નામગ્રહણ પૂજ્યભાવે ગૌરવપૂર્ણ જ કરવું તેવી આ શ્રમણ સંમેલનની ભારપૂર્વક ભલામણ છે. દા.ત.: તીર્થંકરોના નામ પૂર્વે 'શ્રી' અને અંતે 'સ્વામી' કે 'નાથ' અને કોઈપણ સમુદાયના ગુરુભગવંતો માટે આચાર્ય હોય તો નામની પાછળ 'સૂરીશ્વરજી મહારાજ', મુનિવર હોય તો 'વિજયજી મહારાજ' આદિ અને સાધ્વીજી હોય તો નામની પાછળ 'શ્રીજી મહારાજ' વગેરે યથાયોગ્ય વચનો બોલી કે લખીને નામોલ્લેખ કરવો.

## ૨) અધ્યયન અને અધ્યાપન

વિરતિધર પાસેથી મેળવેલું જ્ઞાન પરિણત બને છે. માટે વિરતિધર પાસે જ ભણવાનો આગ્રહ દરેક શ્રમણ-શ્રમણીએ રાખવો. અભ્યાસીઓએ ઋણમુક્તિ અને જ્ઞાનપુષ્ટિ માટે અન્યને ભણાવવું જ જોઈએ. શ્રમણ-શ્રમણી પરસ્પર અભ્યાસ કરાવતાં થઈ જાય તો પરસ્પરનો સૌહાર્દભાવ વધવાની સાથે સામાન્ય અભ્યાસ માટે ય શ્રમણ-શ્રમણીઓને શહેરમાં રહેવું ન પડે. વિશેષ અભ્યાસ માટે જ શહેરની અપેક્ષા રહે.

**વિશેષનોંધ :** આ રીત અપનાવવાથી જેની પાસે ભણવાનું હોય તેમનો વિનય કરી તેમની પ્રસન્નતા વધે તે રીતે ભણી શકાય. કારણ કે વિનયપૂર્વક મેળવેલું જ્ઞાન સમ્યગ્દર્શનાદિ ગુણપ્રાપ્તિનું કારણ બને છે.

## ૩) શ્રુતગ્રહણ અધિકાર

ગુર્વાજ્ઞાથી યોગોદ્વહન કરીને યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના શ્રમણ-શ્રમણીઓને આગમ તથા આગમના અનુવાદ વાંચનનો અધિકાર નથી. શ્રાવક-શ્રાવિકાઓને તો સંપૂર્ણપણે તે વાંચનનો અધિકાર નથી, માત્ર વિધિપૂર્વક યોગ્યતા મુજબ ગુરુમુખે આગમોના શ્રવણનો અધિકાર છે. ચતુર્વિધ શ્રીસંઘે આ મર્યાદાનું પાલન કરવું.

**વિશેષનોંધ :** સાધુભગવંતને યોગ્યતાનુસાર ૪૫ આગમના વાંચન-શ્રવણનો અધિકાર છે. સાધ્વીજી મહારાજોને શ્રીઆવશ્યકસૂત્ર, શ્રીદશવૈકાલિકસૂત્ર,

શ્રીઉત્તરાધ્યયનસૂત્ર, શ્રીઆચારાંગસૂત્ર તથા (પરંપરાથી) ચાર પયન્નાસૂત્રના વાંચનનો તથા ૪૫ આગમના શ્રવણનો અધિકાર છે. સામાન્ય શ્રાવક-શ્રાવિકાઓને શ્રીઆવશ્યકસૂત્ર તથા (પરંપરાથી)ચાર પયન્ના, દીક્ષાર્થી શ્રાવક-શ્રાવિકાઓને શ્રીઆવશ્યકસૂત્ર તથા (પરંપરાથી) ચાર પયન્ના ઉપરાંત શ્રીદશવૈકાલિકસૂત્રના ૪ અધ્યયન મૂળ તથા અર્થ અને પાંચમા અધ્યયનના અર્થ સિવાય બાકીના તમામ આગમોને વાંચવા-ભણવાનો જરા પણ અધિકાર નથી. માત્ર ગુરુમુખે છેદસૂત્ર સિવાયના આગમોના શ્રવણનો અધિકાર છે. વળી આગમાદિ શાસ્ત્રોના અર્થ સાંભળવા શાસ્ત્રમાં तीर्थेषु श्रवणम् કહીને ગીતાર્થ ગુરુના મુખેથી જ તે અર્થો સાંભળવાનું વિધાન કર્યું છે માટે ગૃહસ્થ પંડિતો પાસે આગમાદિ શાસ્ત્રોના અર્થ ન જ સાંભળવા.

## ૪) શ્રીકલ્પસૂત્ર વાંચન

'શ્રી પર્યુષણા મહાપર્વમાં ગુર્વાજ્ઞા દ્વારા યોગ્યતા-પ્રાપ્ત મહાત્માઓએ ગુર્વાજ્ઞા પામીને શાસ્ત્રવચન અનુસાર પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રનું વાંચન પાંચદિવસ અને નવ ક્ષણોમાં કરવું'. આ સુવિહિત પરંપરાનું પાલન ચતુર્વિધ શ્રીસંઘે અવશ્ય કરવું. તેવા શ્રમણો ન હોય તો પૂજ્ય આ.શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજાનાં શ્રી પર્યુષણા મહાપર્વનાં ઢાળિયાં જ વાંચવાં. આ ઢાળિયાનું વાંચન સાધ્વીજી ભગવંતોએ બહેનો સમક્ષ અને શ્રાવકોએ સભા સમક્ષ કરી શકાય. હાલમાં કેટલાક સ્થળે ગૃહસ્થો દ્વારા ચાલી રહેલી અન્યાન્ય પ્રવચનમાળા આદિને આ શ્રમણસંમેલન અનુચિત ગણે છે. તેવી પ્રવચનમાળા આદિનું આયોજન કરવું નહિ, તેમાં જવું નહિ.

**વિશેષનોંધ :** શ્રી કલ્પસૂત્રના વાંચન દરમિયાન જો સમય રહેતો હોય તો તદન્તર્ગત સંઘહિતકારી વિષયો સમજાવી શકાય. જે અન્ય વિષયો સમજાવવાના હોય તે શ્રીકલ્પસૂત્રના વાંચનને કે તેમાં આવતી મૂળભૂત વાતોને ગૌણ કરીને તો ન જ સમજાવી શકાય.

## ૫) સદ્ - અસદ્વાંચન વિવેક

શ્રીજૈનશાસનના આચાર-વિચારમાર્ગની શ્રદ્ધાથી ભ્રષ્ટ બનાવે તેવાં કોઈપણ જાતનાં પુસ્તકો આદિ સાહિત્યનું વાંચન કરવું નહિ અને શ્રદ્ધા મજબૂત

બનાવે એવા સાહિત્યનું ગુર્વાજ્ઞા મેળવી પ્રતિદિન વાંચન કર્યા વિના રહેવું નહિ. કારણ કે જ્ઞાન અને ક્રિયા ઉભયના જોડાણ વિના મોક્ષમાર્ગ સધાતો નથી.

## ૬) ચતુર્વિધ શ્રીસંઘમાં Ph.D. વિગેરે ડીગ્રીઓ

જિનશાસનમાં સમ્યગ્જ્ઞાનની ઉપાસના કેવળ કર્મક્ષય અને આત્મશુદ્ધિ માટે જ કરવાની છે. આ આશયથી પ્રાપ્ત કરેલ સમ્યગ્જ્ઞાન સાચી સમજ પ્રગટાવીને સાચી શ્રદ્ધા પ્રગટાવે છે અને તેને દઢ બનાવે છે. માટે આપણા આ મૂળભૂત આશયથી વિરુદ્ધ Ph.D. આદિ ડીગ્રીલક્ષી ધાર્મિક જ્ઞાન મેળવવું કે આપવું ચતુર્વિધ શ્રીસંઘ માટે અનુચિત છે. માટે આવી ડીગ્રીઓના મોહમાં પડવું નહિ. સાધુ-સાધ્વીજી માટે તો ગુરુપ્રદત્ત સાધુપદ જ સર્વોત્કૃષ્ટ પદ છે. પોતાના ગચ્છાધિપતિશ્રી આદિ દ્વારા મળતા શ્રુતના અધિકારને છોડી એક સરકારી કે અન્ય કોઈ પણ અધિકારી કે સંસ્થા પાસે ભૌતિક ઉપાધિ માટે અરજી કરવી તે શ્રમણજીવનની ગરિમાને નષ્ટ કરી અત્યંત લઘુતા ઉત્પન્ન કરનાર બાબત છે.

## ૭) ભૌતિક લક્ષ્યથી થતા વ્યાવહારિક શિક્ષણ અંગે સાધુની મર્યાદા

ભૌતિક લક્ષ્યથી વ્યાવહારિક શિક્ષણ આપવું, તે ગૃહસ્થોચિત સામાજિક કાર્ય હોવાથી તેવા ભૌતિક શિક્ષણ આપતાં સ્થાનો બનાવવાદિ અંગે શ્રમણસંઘ ઉપદેશ કે પ્રેરણા આદિ આપી શકે નહિ. કારણ કે શ્રમણો દ્વારા પ્રતિદિન બોલાતા શ્રીશ્રમણસૂત્રમાં ૨૯ પાપશ્રુતોનો ઉપદેશ, પ્રેરણા આદિ કરવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે.

## ૮) પાઠશાળા

'પઢમં નાણં તઓ દયા' આ આગમવચન એવું જણાવે છે કે સમગ્ર આચારનું મૂળ જ્ઞાન છે. આમ છતાં વર્તમાનમાં જૈન પરિવારોમાંથી પાયાનું ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક સંસ્કાર ચિંતાજનક હદે વિદાય લઈ રહ્યા છે. તેવા સમયમાં દરેક જૈને પોતાના પરિવારમાં જૈનત્વના આચાર-વિચાર અને

સંસ્કારને પ્રગટાવવા અને સ્થિર બનાવવા માટે

૧) ઓછામાં ઓછાં પાંચ પ્રતિક્રમણનાં સૂત્રો, જીવવિચાર અને નવતત્ત્વ વગેરેનું અર્થસહિત જ્ઞાન પોતે મેળવવું અને પોતાનાં સંતાનોને અવશ્ય અપાવવું. વ્યાવહારિક શિક્ષણ માટે વર્ષો સુધી તન-મન અને ધનનો વ્યય કરનારા શ્રાવકોએ પોતાના પરિવારમાં ધાર્મિક જ્ઞાન માટે આટલું તો કરવું જ જોઈએ એવું આ શ્રમણસંમેલન ભારપૂર્વક જણાવે છે.

૨) પાઠશાળામાં સમ્યગ્જ્ઞાનનું મહત્ત્વ વધે તે માટે બાળકોમાં સામાન્ય પ્રભાવના પદ્ધતિની સાથે બાળકોના બોધ, આચરણા અને સંસ્કારવૃદ્ધિને અનુરૂપ ઉપબૃંહણા (પ્રોત્સાહક બહુમાન) વગેરેનું આયોજન કરવું જોઈએ. જૈનત્વના સંસ્કારો અને આચારો બગડે તેવી વીડીયોગેમ, અભક્ષ્ય ખાદ્ય પદાર્થો વગેરે ચીજવસ્તુઓ પ્રોત્સાહન માટે ન આપવી.

૩) આપણા શ્રીસંઘોમાં ચાલતી પાઠશાળાઓ કેવળ બાળકો માટે જ ન રહેતા બાળકો-યુવાનો-પ્રૌઢો અને વૃદ્ધો તમામ માટે અલગ અલગ સમય ગોઠવીને પણ ચલાવવી જોઈએ. (કાળવેળાનું ધ્યાન રાખવું.)

૪) પાઠશાળાને પ્રાણવંતી બનાવવા માટે સૂત્ર કંઠસ્થ કરવાની સાથે જૈન આચારો, જૈન તત્ત્વજ્ઞાન અને જૈન ઈતિહાસ વગેરેનું જ્ઞાન પણ મળી રહે તેવી ગોઠવણ કરવી જોઈએ, જેથી વિવિધ પ્રકારની રુચિવાળા જીવો પણ સમ્યગ્જ્ઞાનના ઉપાસક બની શકે.

૫) પ્રોજેક્ટર, ટેબ્લેટ, લેપટોપ વગેરે ઈલેક્ટ્રોનિક સાધનોથી વ્યક્તિ, સંસ્કારવિઘાતક અને જૈનત્વનાશક દશ્યો આદિ સાથે જોડાઈ જાય છે, તેથી અનેકવિધ અનર્થની પરંપરા સર્જાય છે અને દેવ-ગુરુપ્રત્યેનું બહુમાન ઘટે છે, માટે તેવા સાધનો પાઠશાળાદિમાં જ્ઞાનપ્રાપ્તિ માટે ન વાપરવાં. જ્ઞાનસાધના માટે પુસ્તક, ચિત્રપટ, બ્લેકબોર્ડ આદિ પરંપરાગત જ્ઞાન-સાધનો સિવાયના માધ્યમનો ઉપયોગ ન કરવો.

## ૯) સૂત્ર-વિધિઓમાં ફેરફાર

તપાગચ્છના પ્રતિક્રમણાદિના સૂત્ર-અર્થ અને વિધિઓમાં સુવિહિત પરંપરાથી જુદા પડી ભાવપ્રતિક્રમણ, સંક્ષેપપ્રતિક્રમણ, નિશ્ચયપ્રતિક્રમણ જેવાં નામે

કોઈ પરિવર્તન કરવું નહિ. તેવાં પરિવર્તનો જે ખાસ કરીને પરદેશમાં ચાલી પડ્યાં છે, તેને માન્ય રાખવાં નહિ. અને ચાલી પડેલાં તે પરિવર્તનોને રદ કરી પાછાં મૂળ સૂત્રાદિને અપનાવી લેવાં. નવાં જોડકણાં ઉમેરીને સંગીતમય પદ્ધતિથી આજે જે ગુરુવંદનાદિ કરવાનાં ચાલું થયાં છે તે બિલકુલ ઉચિત નથી. શાસ્ત્ર અને સુવિહિત પરંપરાથી ચાલતી ગુરુવંદનાદિની અખંડિત વિધિનું જ પાલન કરવું.

**વિશેષનોંધ :** એ.સી. હોલોમાં સોફા-ખુરશીમાં બેસીને ભાઈઓ-બહેનો સાથે, વચ્ચે રિસેસપૂર્વક અને જેમાં બ્રેકફાસ્ટ-અલ્પાહાર અપાતા-લેવાતા હોય, તે રીતે થતાં પ્રતિક્રમણો જૈનશાસનમાં ક્યારેય માન્ય થઈ શકે નહિ. તે જ રીતે પર્યુષણ મહાપર્વની આરાધના 'શ્રા.વ.૧૨ થી ભા.સુ.૪'ના કરવાને બદલે પોત-પોતાની અનુકૂળતા મુજબ 'રવિવાર થી રવિવાર' કરવાની પ્રવૃત્તિ જે ક્યાંક ક્યાંક શરૂ થઈ છે તે અયોગ્ય છે. પર્યુષણ માટે જૈનશાસનની મૂળભૂત મર્યાદાને જ અનુસરવું.

## ૧૦) શ્રુતદાનનો અધિકાર

જૈનધર્મનું જ્ઞાન આપવાના અધિકારી સંવિગ્ન-ગીતાર્થ ગુરુભગવંત જ છે. છતાં પણ આજે સ્કુલ-કોલેજ-યુનિવર્સિટી વગેરેમાં અનધિકૃત રીતે અનધિકૃત વ્યક્તિઓ દ્વારા જૈનધર્મ વિષયક જે જ્ઞાન અપાઈ રહ્યું છે, તેમાં જે પણ જૈનશાસનની માન્યતા વિરુદ્ધની વાતો પીરસાઈ રહી છે, તેને દૂર કરવા કે સુધારવા શિક્ષણક્ષેત્રના તે તે અધિકારી વર્ગનું શ્રીજૈનસંઘની જવાબદાર વ્યક્તિઓએ ધ્યાન દોરવું.

## ૧૧) જ્ઞાનની સુરક્ષા

'જ્યાં જ્યાં જિનાલય હોય ત્યાં ત્યાં આગમાદિ શ્રુતવારસાને જાળવવા જ્ઞાનભંડાર'ની વ્યવસ્થા થવી જોઈએ. જેથી દુઃષમકાળમાં તારક ગણાતાં શ્રીજિનબિંબ અને શ્રીજિનાગમ આ બે તત્ત્વોનો સંઘમાં સુમેળ સધાઈ રહે. તેમજ વિદ્યમાન જ્ઞાનભંડારો જ્યાં પણ છે તેને સુવ્યવસ્થિત રાખવા પૂર્ણ પ્રયત્ન કરવો જોઈએ. જેથી પ્રભુભક્તિ સાથે શ્રુતાભ્યાસ પ્રત્યે પણ શ્રીસંઘમાં રુચિ જાગે.

## ૧૨) જ્ઞાનભંડાર નિર્માણ અને પુસ્તક વિતરણ

મુંબઈ-સુરત-અમદાવાદ-પાલીતાણા જેવા સ્થાનોમાં એવા મોટા સુવ્યવસ્થિત જ્ઞાનભંડારની સંકલના શ્રીસંઘે કરવી જોઈએ કે જ્યાંથી તમામ સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસ-સદ્વાંચન યોગ્ય કોઈપણ પુસ્તક-પ્રતો ખૂબ સહેલાઈથી મળી શકે. જે પુસ્તક-પ્રત હાજર ન હોય તે અન્યત્રથી મેળવીને પણ તેમને પહોંચાડી શકાય, તેવી વ્યવસ્થા કરવી જોઈએ. અન્ય અન્ય સ્થળોના ભંડારોની સૂચીઓ પણ બધે ઉપલબ્ધ કરાવવી જોઈએ. શ્રમણ-શ્રમણીઓએ ગ્રન્થોની સી.ડી., ડી.વી.ડી વગેરે સાધનો રાખવાં-વાપરવાં નહીં. પ્રૂફ તપાસવા કે અધ્યયનાદિ માટે છાપેલા કાગળવાળી નકલનો ઉપયોગ કરવો.

## ૧૩) શ્રુતલેખન-સંરક્ષણ

'મન્નહ જિણાણં'ની સજ્ઝાયમાં શ્રાવકોનાં કર્તવ્યો બતાવ્યાં છે, તેમાં શાસ્ત્ર લખાવવાનું પણ એક કર્તવ્ય છે, માટે શ્રાવકોએ શક્તિ અનુસાર કમસેકમ એક ગ્રંથ ઉત્તમદ્રવ્યથી લખાવી શ્રુતભક્તિ કરવી જોઈએ. શાસ્ત્રલેખનની પ્રવૃત્તિ સુવિહિત છે. લખાયેલા શાસ્ત્રોના શુદ્ધીકરણ માટે ખાસ ઉપયોગ રાખવો જોઈએ.

**વિશેષનોંધ :** ભારતનાં દરેક રાજ્યોમાં સુરક્ષિત-સુયોગ્ય સ્થળે શ્રુતવારસો જળવાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ, જેથી એકાદ સ્થળે સંયોગવશ ગ્રન્થો નષ્ટ થાય તો પણ અન્યત્ર સચવાઈ રહે.

## ૧૪) દેવ-ગુરુની આશાતના

આમંત્રણ પત્રિકા તેમજ પંચાંગ વગેરેમાં દેવ-ગુરુના ફોટા મૂકવા નહિ, કેમકે તે મોટી આશાતનાનું કારણ બને છે. ફ્લેક્ષ-બેનરોમાં પણ આ વિવેક જળવાય તે જરૂરી છે.

**વિશેષનોંધ :** દીક્ષા-તપપૂર્ણાહુતિની ઉજવણી વગેરેની પત્રિકાઓમાં મુમુક્ષુ ભાઈઓ-બહેનો કે તપસ્વીઓના ફોટા મૂકવા પણ હિતાવહ નથી.

## ૧૫) પુસ્તકોની આશાતના

જરૂરી ન જણાતાં પુસ્તક-પત્રિકા આદિ રખડતાં મૂકવાં નહિ. તેથી જ્ઞાનની આશાતના થાય છે. ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં પણ મૂકી શકાય નહિ, કારણ કે તેથી શ્રીસંઘ ઉપર કાર્યભાર વધે છે. આવા પુસ્તકાદિનું જયણાપૂર્વક પાણી વિનાના કૂવા, નદીની સૂકી કોતરો, પર્વતની ખીણો વગેરે કે જ્યાં મનુષ્યાદિનો પગ ન આવે તેવી અશુચિરહિત ભૂમિમાં વિસર્જન કરવું જોઈએ.

## -: દર્શનાચાર :-

## ભૂમિકા

શાસ્ત્રકારો ફરમાવે છે કે 'સમ્યગ્દર્શન ગુણ વિનાની કોઈ પણ ધર્મકરણી મોક્ષ અપાવવા સમર્થ નથી'. આ સમ્યગ્દર્શન ગુણ પ્રગટાવવા માટેનો અમોઘ ઉપાય દર્શનાચાર છે. જેમાં મુખ્યત્વે નિઃશંકતા વગેરે આંતરિક અને દેવ-ગુરુ-ધર્મ અને ધર્મીની ભક્તિ-આશાતનાત્યાગ વગેરે બાહ્ય આચારોનો સમાવેશ થાય છે. તે દર્શનાચારના સમ્યક્પાલન અને વિરાધનાત્યાગ માટેના નિર્ણયો :

## ૧૬) શ્રી શત્રુંજય મહાતીર્થ

વ્યક્તિગત દ્રવ્યથી કે સાધારણ ખાતામાંથી જ થઈ શકે તેવાં કાર્યો દેવદ્રવ્યથી થાય તે શ્રીસંઘ માટે મોટામાં મોટા દોષનું કારણ છે. ક્યાંક અજ્ઞાનતા, દેખાદેખી, કદાગ્રહ કે સાધારણદ્રવ્યના અભાવથી શ્રીસંઘનો સાધારણદ્રવ્યથી જ કરી શકાય તેવો વહીવટી કાયમી ખર્ચ દેવદ્રવ્યથી કરવામાં આવતો હોય છે. આને દૂર કરવા માટે એક મુખ્ય તીર્થમાં જો આદર્શ ઉભો થાય તો અન્ય તીર્થો અને શ્રીસંઘો પણ તે માર્ગે ચાલતા થાય. શ્રીશત્રુંજય ગિરિરાજ ચૌદ રાજલોકમાં સૌથી મહાન તીર્થ છે, તીર્થાધિરાજ છે. શ્રીસીમંધરસ્વામી ભગવાન પણ મહાવિદેહક્ષેત્રમાં બાર પર્ષદા વચ્ચે આ તીર્થાધિરાજનો અચિન્ત્યમહિમા વર્ણવે છે. આપણા સૌના સૌભાગ્યે અનાયાસે આ તીર્થાધિરાજની ભક્તિનો અવસર મળ્યો છે. તેથી આ શ્રમણસંમેલન ભારપૂર્વક ભલામણ કરે છે કે

શ્રીસિદ્ધગિરિરાજની યાત્રાએ આવતા પ્રત્યેક શ્રાવકો તીર્થ અને તીર્થપતિની ભક્તિ જેમ મન મૂકીને ઉલ્લાસથી કરે છે તેમ આ તીર્થ અને તીર્થપતિની દરેક પ્રકારની ભક્તિનો લાભ પોતાને કાયમ મળતો રહે, તે માટે તેઓએ પોતાની શક્તિ અને ઉલ્લાસ અનુસાર સાધારણખાતામાં પોતાનું ધન અવશ્ય સમર્પણ કરવું જાઈએ. આમ કરવાથી તેઓ તીર્થભક્તિ સાથે દેવદ્રવ્યની રક્ષાનો પણ લાભ મેળવશે. શક્તિસંપન્નો મોટી યોજનામાં અને બાકીના યથાશક્તિ દાન આપતા રહે તો આ જ આદર્શ મુજબ ચાલતાં બીજાં તીર્થો અને સંઘોમાં પણ સાધારણદ્રવ્યની આવક સાહજિક થતી રહે અને દેવદ્રવ્યની રક્ષા પણ થતી રહે. શ્રીસિદ્ધગિરિરાજ પર થઈ રહેલ અતિક્રમણ-આશાતના આદિ સમસ્યાઓને દૂર કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને આ સંમેલન ભારપૂર્વક ભલામણ કરે છે.

**વિશેષનોંધ :** શ્રીશત્રુંજયતીર્થે સંઘ સાથે પધારતા સંઘપતિઓ, ચાતુર્માસ-ઉપધાન-નવ્વાણું આદિ આરાધના કરાવતા લાભાર્થીઓ તે-તે અનુષ્ઠાનમાં લાખો-કરોડો રૂપિયાનો સદ્વ્યય કરે છે. તેઓ જો શેઠ આણંદજી કલ્યાણજીની શ્રીજિનભક્તિસાધારણ તેમજ સર્વસાધારણની યોજનાનો લાભ લે તો તીર્થનો વહીવટ વિશુદ્ધ રીતે અને સુપેરે થઈ શકે અને તેનો લાભ તેમને કાયમ મળતો રહે.

## ૧૭) તીર્થ આશાતના

જે જે પ્રાચીન તીર્થો કે ધર્મસ્થાનોનો સરકારી ચોપડે પર્યટનસ્થળ તરીકે સમાવેશ થઈ ચૂક્યો છે, તે દૂર કરાવવો અને જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તે પવિત્ર સ્થળોમાં પર્યટકો દ્વારા થતી આશાતનાનું નિવારણ કરવા પ્રયત્ન કરવો જોઈએ અને તે માટે તે-તે તીર્થની પેઢીઓએ ફોટોગ્રાફી આદિ સદંતર બંધ કરાવવું જોઈએ. અને હવે એક પણ પ્રાચીન તીર્થ કે ધર્મસ્થાન પર્યટનસ્થળમાં ન ફેરવાય તે માટે સકળ શ્રીસંઘે મક્કમપણે પ્રયાસ કરવા જોઈએ.

## ૧૮) જિનબિંબને ઓપ-લેપ

અનુભવી પૂજ્યો અને/કે સુશ્રાવકોની સલાહ-સંમતિ-માર્ગદર્શનથી જ ઓપ-લેપાદિ કાર્ય કરાવવાં. પ્રતિમા શ્યામલ પડે તો સમુદ્રફીણ, દહીં, અરીઠા

જેવાં દ્રવ્યોથી સમજપૂર્વક ઘસાઈ-સફાઈ કરવાથી ઓપની જરૂર નહિ પડે, છતાં કારીગરની જરૂર પડે તો તેની પાસે ઓપ કરાવવાથી પતતું હોય તો લેપમાં ન જવું. કારીગરો ઓપમાં કાચપેપર, એસિડ જેવાં દ્રવ્યો ન વાપરે તેમજ લેપમાં અશુદ્ધ દ્રવ્યો, ઘાતક રસાયણો ન વાપરે-તેનું ખાસ ધ્યાન રાખવું. તાજેતરમાં કરાવાયેલ લેબોરેટરી ટેસ્ટ દ્વારા જાણવા મળ્યું છે કે ગુલાબી વડી અને પીળી વડીના પાવડરમાં સાઈટ્રીક એસીડ જેવાં દ્રવ્યો ઉમેરવામાં આવે છે.

## ૧૯) જિનબિંબને ટીકા વગેરે ન લગાડવા

શ્રી જિનબિંબને ટીકા-બાજુબંધ-કપાળી-કંઠો-પંજો વગેરે ચોંટાડવાં નહિ, તેથી પ્રતિમાજીને હાનિ પહોંચે છે. અતિકિંમતી હોય તો ચોરો દ્વારા મૂર્તિ ખંડિત થવાનો પણ હાલના સંયોગોમાં ભય રહે છે. તેમજ અનુભવના અંતે જણાયું છે કે તે ટીકા કે કપાળીની ચારે બાજુ ક્ષારવાળું પાણી, ચંદન, કેસર વગેરે ભરાઈ રહેવાથી આશાતના થાય છે અને મૂર્તિનો તે ભાગ ખવાઈ જાય છે, વળી ત્યાં ખાડા પણ પડી જાય છે. અને ચોંટાડેલા ભાગની અંદર જીવાતો પણ ઉત્પન્ન થાય છે. પ્રતિમાજીની સુદીર્ઘ સુરક્ષા માટે તેમજ આશાતનાથી અને જીવવિરાધનાથી બચવા ટીકા વગેરે ચોંટાડવાં નહિ.

## ૨૦) પરમાત્માની આંગી

શ્રીતીર્થંકર પરમાત્મા રાજરાજેશ્વર છે. તેમની ગરિમા અને બહુમાન જળવાઈ રહે, તે માટે પરમાત્માની આંગી-ગહુંલી વગેરેમાં રૂ-વેલ્વેટ વગેરે અશુદ્ધ અને તુચ્છ દ્રવ્યો વાપરવાં નહિ. આંગીમાં પ્રભુજીના અંગ પર એલચી, બદામ વગેરે ખાદ્ય પદાર્થોનો વપરાશ કરવો નહિ. સોના-ચાંદીના શુદ્ધ વરખનો જ વિશેષ ઉપયોગ કરવો. સોના-ચાંદીનું બાદલું પણ વાપરી શકાય છે. પ્લાસ્ટિકની જરી કે ટીકા અશુદ્ધ અને હલકા હોવાથી વાપરવાં નહિ.

## ૨૧) જિનબિંબને બિરાજમાન કરવાનું આસન

શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિ બિરાજમાન કરવા માટે સિંહાસન-કમલાસન એ જ શાસ્ત્રે વિહિત કરેલ સર્વશ્રેષ્ઠ આસન છે. કૂર્માસન આદિ અન્ય

પશુ-પક્ષીનાં કે ગ્રહોનાં આસન શાસ્ત્રવિરુદ્ધ છે. માટે એવાં પશુ-પક્ષી આદિના આકારવાળા વાહન ઉપર પ્રભુપ્રતિમાને બિરાજમાન ન કરવી. કોઈ કરતું હોય તો સુયોગ્ય પ્રયત્ન કરીને અટકાવવું.

## ૨૨) જિનબિંબ આદિ પૂજનીય તત્ત્વની પ્રભાવના

શ્રી જિનબિંબ-ગુરુમૂર્તિ જેવાં પૂજનીય તત્ત્વો પ્રભાવના કે લહાણી કરવાની વસ્તુ નથી. તે બિંબો તો વિધિપૂર્વક ભરાવી પ્રાણપ્રતિષ્ઠા કરાવી પૂજવાના હોય છે. આમ છતાં અજ્ઞાનતા-દેખાદેખીના કારણે શ્રીજિનબિંબાદિની પણ આજે પ્રભાવના કે લહાણી થઈ રહી છે. કોઈએ પણ આવી પ્રભાવના કે લહાણી ન કરવી કે ન લેવી. પરમાત્મા અને ગુરુભગવંત પૂજ્ય છે, પ્રભાવનાની ચીજ નથી. પ્લાસ્ટિક જેવાં અશુદ્ધ દ્રવ્યોની પ્રતિમા અને નવકારવાળી આદિ ન બનાવવી. ન રાખવી, ન લેવી-દેવી તથા પ્રભાવનાદિ માટે દેવ-ગુરુની છાપવાળા ચાંદી આદિના સિક્કા પણ ન બનાવવા.

## ૨૩) નૂતન જિનાલય નિર્માણ

નૂતન જિનાલયના નિર્માણ કરતાં પણ પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધારમાં આઠગણો લાભ શાસ્ત્રોમાં દર્શાવ્યો છે. માટે જીર્ણોદ્ધાર ઉપર વિશેષથી શ્રીસંઘે ધ્યાન આપવું જોઈએ. કલ્યાણક ભૂમિ, પ્રાચીન તીર્થભૂમિ, જૈનશાસનના મહાપુરુષોની જીવનઘટના સાથે સંલગ્ન ઐતિહાસિક ભૂમિ અથવા પૂજકવર્ગ જ્યાં વિશેષ હોય તેવા સ્થળોમાં જ નૂતન જિનાલયનું નિર્માણ કરી શકાય. આ સિવાય હાલ જે નૂતન તીર્થોના નિર્માણ થઈ રહ્યા છે તેમાં એટલું તો કમસેકમ થવું જોઈએ કે તે તીર્થોને પ્રાચીન તીર્થના નામ ન આપવા. જેથી લોકો ભ્રમણામાં ન પડે અને ભવિષ્યમાં મૂળ તીર્થનું અસ્તિત્વ અને મહિમા ન જોખમાય. બાકી તીર્થો બનાવવાં એ શ્રાવકનું કર્તવ્ય છે, સાધુનું નહીં.

## ૨૪) જિનાલયમાં લાઈટ વગેરે

જિનાલયમાં લાઈટ વગેરેનો ઉપયોગ કરવો નહિ. જ્યાં સુધી એ શકય ન બને ત્યાં સુધી ગર્ભગૃહમાં તો લાઈટ ન જ રાખવી. જયણાપૂર્વક મૂકાતા

દીવાઓથી વાતાવરણ સૌમ્ય, પવિત્ર અને આહ્લાદક બનવા દ્વારા ભાવોત્પાદક બને છે. જિનાલય વગેરે ધર્મસ્થાનોમાં પંખા-એ.સી.-કુલર-હિટર આદિ કોઈપણ સંયોગોમાં દાખલ કરવા નહિ.

## ૨૫) જિનાલયના શિખરે માંચડા

જિનાલયના શિખરે કાયમી માંચડા રાખવા નહિ. શિલ્પશાસ્ત્રમાં જિનમંદિરને પ્રાસાદ-પુરુષ કહેલ છે. તે મુજબ માંચડો બરાબર ગળાના ભાગમાં આવે છે. તે માંચડો પ્રાસાદ પુરુષના ગળાનો ફાંસો છે એવું શિલ્પશાસ્ત્રોના નિષ્ણાતોનું મંતવ્ય છે. તેથી પ્રતિવર્ષે ધજા ચડાવવા માટે પાલક બાંધવો જોઈએ અથવા નીચે ઉભા-ઉભા ધજા ચઢાવી શકાય તેવો પ્રબંધ સંઘે કરવો જોઈએ. શ્રી શંખેશ્વર-શત્રુંજય-ગિરનાર-તારંગા-આબુ આદિના પ્રાચીન જિનાલયોમાં કાયમી માંચડા નથી.

**વિશેષનોંધ :** લોખંડ આદિના પાઈપ દ્વારા બંધાતા માંચડાથી જિનાલયના નાના-મોટા ભાગોને નુકશાન થતું જોવામાં આવે છે તેથી લોખંડ આદિના માંચડા કરવા નહિ.

## ૨૬) જિનપૂજા દ્રવ્ય

જૈનશાસનમાં પરાપૂર્વથી પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા વિહિત છે. તેથી અષ્ટપ્રકારી પૂજા માટે જળ, દૂધ, સુખડ, કેસર, પુષ્પ, ધૂપ, ઘી વગેરે શુદ્ધ દ્રવ્યોની પ્રાપ્તિની વ્યવસ્થા શ્રીસંઘે કરવી જોઈએ. શ્રી શ્રાદ્ધવિધિપ્રકરણ, શ્રી ધર્મસંગ્રહ ગ્રન્થ, શ્રી યોગશાસ્ત્ર ગ્રન્થ, શ્રી પંચવસ્તુક ગ્રન્થ, શ્રી આચારોપદેશ ગ્રન્થ વગેરે ગ્રન્થોમાં જિનપૂજા માટે કેસર-દૂધ વગેરેના પણ ઉપયોગની વાત કરેલી જ છે. શ્રાવક માટે સામાન્યતયા ચંદનપૂજામાં કેસર અનિવાર્ય છે. પ્રતિમાજીમાં નુકસાન થવું, ખાડા પડવા વગેરેમાં કેસર-દૂધ-વરખ કારણભૂત નથી, એ પ્રયોગોપૂર્વક સાબિત થયેલું છે.

## ૨૭) ન્હવણજલ - વાસક્ષેપ ગ્રહણ

શ્રી શત્રુંજય-શંખેશ્વર આદિના જિનાલયોમાં આચાર્યાદિ પદસ્થો તથા સાધુ-સાધ્વીજી ભગવંતોએ પરમાત્માનો સ્પર્શ કરવો ઉચિત નથી. કારણ કે તેથી પરમાત્માની આશાતના થાય છે. કારણ કે સ્નાન કર્યા વિના, પૂજાનાં શુદ્ધ વસ્ત્રો પહેર્યા વિના પરમાત્મમૂર્તિને સ્પર્શી શકાય નહિ, એવી શાસ્ત્રમર્યાદા છે. તેમજ સચિત્ત ન્હવણજલ ગ્રહણ ન કરવું, કેમકે આ પ્રવૃત્તિ સંયમની વિરાધનાનું કારણ બને છે. એ જ રીતે શ્રાવકોએ પૂજા કરતી વખતે શ્રી જિનબિંબ ઉપરથી સીધો જ વાસક્ષેપ લઈ માથે નાંખવાની પ્રવૃત્તિ કરવી નહિ.

## ૨૮) પૂજારી દ્વારા થતી આશાતના

જૈનો માટે પરમાત્માની પૂજા સંસારનિસ્તારનું આલંબન છે, સંસારનિર્વાહનું સાધન નથી. માટે દરેક શ્રાવકે શ્રીજિનપૂજા સંસાર તરવા માટે જ કરવી. તેને આજીવિકાનું સાધન બનાવવું નહિ. આજે પૂજારીઓ દ્વારા પરમાત્માની જે આશાતનાઓ થઈ રહી છે, તે દરેકના નિવારણ માટે ટ્રસ્ટીવર્ગે સ્વયં ધ્યાન આપવું જોઈએ, અથવા આરાધકવર્ગને આ કાર્ય સોંપવું જોઈએ. જ્યાં એ શકય ન જ બને ત્યાં પૂજારીઓ માટે માર્ગદર્શિકા તૈયાર કરાવી તે પ્રમાણે આશાતના નિવારણ કરાવવા અંગેની તકેદારી શ્રીસંઘે રાખવી જોઈએ.

## ૨૯) મહોત્સવોમાં જિનભક્તિની ઉપેક્ષાનું નિવારણ

જિનભક્તિ મહોત્સવાદિ પ્રસંગોમાં જમણવાર અને સંગીતકાર આદિમાં મોટો ખર્ચ કરનાર શ્રાવક કે શ્રીસંઘ ભગવાનની આંગી, ફળ-નૈવેદ્ય, જિનાલયનો શણગાર આદિમાં ઉપેક્ષા કરે તે તદ્દન અનુચિત છે. માટે જિનભક્તિની સામગ્રી પણ ઉત્તમ અને ઉત્કૃષ્ટ ચડાવવાનો ઉપયોગ જિનભક્તિ મહોત્સવમાં દરેકે રાખવો જોઈએ. જિનાલયના શણગારમાં તુચ્છ અને હલકાં દ્રવ્યો ન વાપરવાં. મહોત્સવ પૂર્ણ થયા બાદ સામગ્રીના જયણાપૂર્વક વિસર્જનમાં પણ બરાબર ધ્યાન અપાવું જોઈએ.

**વિશેષનોંધ :** શ્રીશ્રાદ્ધવિધિપ્રકરણ આદિ ગ્રન્થોમાં જણાવ્યા મુજબ જિનભક્તિમાં મૂકાતાં ફળ-નૈવેધ આદિ નિર્માલ્ય દ્રવ્યોનો યોગ્ય વિક્રય કરી તેની આવક દેવદ્રવ્યમાં જમા કરાવવી જોઈએ.

## ૩૦) ધાર્મિક પ્રસંગોમાં માઈક વગેરે અંગે વિવેક

વર્તમાન સંયોગોમાં વરઘોડામાં-ધાર્મિક સ્થાનોમાં - ધાર્મિક પ્રસંગોમાં માઈક આદિ જે સાધનો વપરાઈ રહ્યાં છે તે સાધનોના અવિવેકી ઉપયોગને કારણે અજૈનોમાં અને અસહિષ્ણુ જૈનોમાં પણ આપણા ધર્મ અને ધર્માનુષ્ઠાનો પ્રત્યે અપ્રીતિ થઈ રહી છે, આથી તેમાં ખૂબ વિવેક રાખવો. ભક્તિ માટે ભેગા થયેલા સાંભળી શકે તેટલો અવાજ ભક્તિમાં સહાયક બનવા સાથે બીજાને અપ્રીતિમાં કારણ બનતો નથી. નવકાર જેવાં પવિત્ર સૂત્રો બેંડપાર્ટી દ્વારા ગવાવાં ન જોઈએ.

## ૩૧) દેવી-દેવતા પૂજન

મોક્ષસાધક જિનભક્તિ આદિ અનુષ્ઠાનોને જ આરાધવાનું જિનશાસનનું ફરમાન છે. ભૌતિક પદાર્થોની લાલસા સંસારમાં રખડાવે છે માટે ભૌતિક લાલસાઓને પુષ્ટ કરનાર અને પ્રભુભક્તિને ગૌણ કરનાર દેવ-દેવીની મુખ્યતાવાળાં પૂજનો-અનુષ્ઠાનો ન કરવાં-ન કરાવવાં.

## ૩૨) રાત્રિભાવના

પ્રભુભક્તિ મહોત્સવમાં ભાવના પરમાત્મા સમક્ષ જ ભણાવવી જોઈએ. ભાવના દરમ્યાન જાદૂના પ્રયોગો-મિમિક્રી-ડાયરો-સાંસ્કૃતિક કાર્યક્રમ-માતૃપિતૃવંદના-દેવદેવીઓના ગીતો આદિ જેવા પ્રભુભક્તિ સિવાયના કાર્યક્રમો ન રાખવા. વર્તમાનમાં સ્ટેજ ઉપર ભક્તિનું કોઈ પણ આલંબન ન રાખતાં સંગીતપાર્ટી જ સભા સમક્ષ ગોઠવાઈ જાય છે, તે બિલ્કુલ અનુચિત છે. પુરુષોની હાજરીમાં પૂજા-પૂજન-ભાવના-વરઘોડા વગેરે દરમ્યાન બહેનોએ નાચ-ગાન ન કરવાં.

## ૩૩) ધર્મદ્રવ્ય વહીવટ

સાતક્ષેત્ર આદિ ધર્મદ્રવ્યનો વહીવટ શ્રીદ્રવ્યસપ્તતિકા અને શ્રીશ્રાદ્ધવિધિ પ્રકરણ જેવા ધર્મદ્રવ્યના વહીવટનું માર્ગદર્શન આપતાં તપાગચ્છમાન્ય શાસ્ત્રાનુસારે જ કરવો જોઈએ.

## ૩૪) વિ.સં.૧૯૯૦ અને વિ.સં.૨૦૧૪ના સંમેલનને બહાલી

૧. વિ.સં.૧૯૯૦ના વર્ષે રાજનગર મુકામે સકળ શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘના સર્વે ગચ્છોનું જે સંમેલન થયું હતું, તે સંમેલનમાં આપણા ધર્મશાસ્ત્રો અને શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાનુસારે પૂ. આ. શ્રી. વિજયનેમિસૂરિજી મ., પૂ. આ. શ્રી. આનંદસાગરસૂરિજી મ., પૂ. આ. શ્રી. વિજયસિદ્ધિસૂરિજી મ., પૂ. આ. શ્રી. વિજયનીતિસૂરિજી મ., પૂ. આ. શ્રી. વિજયદાનસૂરિજી મ., પૂ. આ. શ્રી. જયસિંહસૂરિજી મ., પૂ. આ. શ્રી. વિજયવલ્લભસૂરિજી મ., પૂ. આ. શ્રી. વિજયભૂપેન્દ્રસૂરિજી મ. અને પૂ. મુ. શ્રી. સાગરચન્દ્રજી મ. આ બધા વડિલો દ્વારા સર્વાનુમતે જે નિર્ણયો લેવાયા હતા, તે નિર્ણયો આજે પણ એટલા જ પ્રસ્તુત હોઈ, આજ સુધી જેમ તેને અનુસરતા આવ્યા છીએ, તેમ હવે પણ તેને જ અનુસરતા રહેવાનો તપાગચ્છીય શ્રમણ સંમેલન નિર્ણય કરે છે. કારણ કે તે નિર્ણયો સંપૂર્ણપણે શાસ્ત્રાનુસારે અને શાસ્ત્રમાન્ય સુવિહિત પરંપરાનુસારે લેવાયા હોવાથી તપાગચ્છ સહિત અન્ય પણ ગચ્છોને સર્વસંમતિથી માન્ય હતા. આ ઠરાવોની પુસ્તિકા શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીમાં ઉપલબ્ધ છે.

૨. વિ.સં.૧૯૯૦ના સંમેલનના ઠરાવો તથા વિ.સં.૨૦૧૪ના સંમેલનના ઠરાવોના આધારે પૂ. ઉપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજાના નિર્દેશ અનુસાર વિશેષ સમજૂતીપૂર્વક પ્રકાશિત થયેલ 'ધર્મદ્રવ્યવ્યવસ્થા' નામક પુસ્તક (પ્રથમ આવૃત્તિ)ના સહારે આજે પણ મોટાભાગના શ્રીસંઘોમાં સાતેય ક્ષેત્ર આદિ ધર્મક્ષેત્રના દ્રવ્યોનો વહીવટ ચાલી રહ્યો છે.

આ વહીવટ શૈલીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરતાં તે જ રીતે વહીવટ આગળ પણ ચાલુ રાખવાની તેમજ કોઈપણ કારણસર આવેલી શિથિલતાને દૂર કરવાની ચતુર્વિધ શ્રીસંઘને આ શ્રમણસંમેલન ભારપૂર્વક ભલામણ કરે છે.

**વિશેષનોંધ : દેવદ્રવ્ય વહીવટ અંગે આવશ્યક માર્ગદર્શન.**

કોઈપણ પ્રકારનું દ્રવ્ય એકવાર અર્પણ કરાયા બાદ તેની માલિકી અર્પણ કરનારની રહેતી નથી. દ્રવ્ય અર્પણ કરનાર વ્યક્તિ તે દ્રવ્યથી પોતાનું કોઈ કાર્ય કરી શકે નહિ. જેમકે સાધુભગવંતને એકવાર કામળી અર્પણ કરી તે જ કામળી તેમની પાસેથી લઈને ફરી વહોરાવી શકાય નહિ. તે જ રીતે પ્રભુને અર્પણ કરેલું દ્રવ્ય ફરી પોતાના પૂજા આદિ કાર્યો માટે લઈ શકાય નહિ.

પ્રભુને દ્રવ્ય અર્પણ નીચેની મુખ્ય બે રીતે થાય છે :

૧. ભંડારમાં મૂકાતું દ્રવ્ય.

૨. પૂજાની, અંજનશલાકાની, પ્રતિષ્ઠા-ધ્વજારોપણની, સુપન ઉતારવા આદિની, વરઘોડાની વગેરે પ્રભુસંબંધી બધી જ ઉછામણી દ્વારા આવતું દ્રવ્ય.

તેથી ભંડારનું તથા ઉપરોક્ત ઉછામણી દ્વારા આવેલા દ્રવ્યમાંથી શ્રાવકોએ કરવાની પ્રભુપૂજા માટેની સામગ્રી લાવી શકાય નહિ. વિ.સં.૨૦૪૪માં યોજાયેલ મર્યાદિત શ્રમણસંમેલન સમસ્ત સંઘમાં માન્ય ન બનવાનાં અનેક કારણો પૈકી એક કારણ એ હતું કે તે સંમેલનમાં પૂર્વના સંમેલનોની પરિપાટીને બદલીને જે કલ્પિત દેવદ્રવ્ય ન ગણી શકાય એવા પણ ઉપર સૂચવેલા બંને પ્રકારના દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્ય ગણવામાં આવ્યું હતું. તે તેમજ ધર્મદ્રવ્ય વ્યવસ્થાને લગતા જે બીજા પણ કેટલાક નિર્ણયો લેવાયા હતા, તે ઠરાવો પણ શાસ્ત્રસંમત નથી.

## ૩૫) ટ્રસ્ટીઓની પાત્રતા

ટ્રસ્ટીવર્ગની નિમણુંક માત્ર ધનના ધોરણે ન કરવી, પણ ધર્મશ્રદ્ધા તેમજ ધાર્મિક વહીવટી જ્ઞાનને પણ પ્રધાનતા આપી કરવી.

આ અંગે સામાન્યથી નીચેની બાબતો ધ્યાનમાં લઈ શકાય :-

- નિમણુંક ઈલેક્શનની નહિ, પણ સિલેક્શનની પદ્ધતિથી થવી જોઈએ.
- ટ્રસ્ટી તરીકે જેમની નિમણુંક કરવાની હોય તે વ્યક્તિ પ્રામાણિક, હિસાબમાં કુશળ, ધાર્મિક વહીવટી જ્ઞાન ધરાવનાર, સંઘને સાથે લઈને

ચાલનાર, જિનદર્શન-જિનપૂજા-જિનવાણીશ્રવણ આદિ સદાચારોથી યુક્ત હોવી જોઈએ.

**વિશેષનોંધ :** ટ્રસ્ટી તરીકે નિમણુંક પામનાર વ્યક્તિ શ્રીશ્રાદ્ધવિધિપ્રકરણ, શ્રીદ્રવ્યસપ્તતિકા વગેરે ગ્રન્થમાં જણાવેલ વહીવટદારના ગુણોવાળી, દેવ-ગુરુ-ધર્મ અને ધર્મશાસ્ત્રને સમર્પિત, અભક્ષ્યભક્ષણાદિના ત્યાગવાળી અને ફોજદારી ગુનામાં ન સંડોવાયેલી હોય તેવી હોવી જોઈએ.

## ૩૬) સાધારણદ્રવ્ય વૃદ્ધિ

શ્રીસંઘ દ્વારા જિનમંદિરોમાં રખાતા પૂજારીઓ ભગવાન માટે નથી, પરંતુ શ્રીસંઘની પૂજાની વ્યવસ્થા માટે છે તેથી પૂજારીનો પગાર દેવદ્રવ્યમાંથી ન આપવો જોઈએ પરંતુ શ્રીસંઘે પોતાની વ્યક્તિગત રકમમાંથી અથવા સાધારણ ફંડમાંથી આપવો જોઈએ. પરંતુ હાલમાં જે પરિસ્થિતિ સર્જાઈ રહી છે, જેવી કે - સાધારણખાતાના ખર્ચને પહોંચી વળવા ઊભાં કરાયેલાં સાધારણ અનામત ફંડનાં વ્યાજ ધીરે ધીરે ઘટી રહ્યાં છે, પૂજારી-અન્ય કર્મચારીઓના પગાર વધી રહ્યા છે, તો શી રીતે પહોંચી વળવું? સંઘોની આ ફરિયાદ દૂર કરવા માટે નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ :-

૧) આ ક્ષેત્રની જરૂરીયાત અંગે ઉપદેશમાં ભારપૂર્વક સમજાવી શકાય.

૨) ચાતુર્માસિક અનુષ્ઠાનો, અન્ય પ્રસંગો, તપના પારણાઓ, વરઘોડાઓ વગેરેના ખર્ચ માટે સાધારણફંડનો ઉપયોગ ન કરવો. સાધારણફંડનો ઉપયોગ વહીવટીખર્ચમાં જ કરવો જોઈએ.

૩) સાધારણદ્રવ્યની ઓછપના કારણે દેવદ્રવ્યભક્ષણાદિ દોષોની શક્યતા હોવાથી વાર્ષિક ટીપોમાં સૌપ્રથમ સાધારણની ટીપ થયા પછી અન્યાન્ય ટીપ કરી શકાય.

ઉપરોક્ત કાળજીઓ લેવા સાથે નીચેના શાસ્ત્રસાપેક્ષ વિકલ્પો પણ વિચારી શકાય.

૧) બેસતા વર્ષે ઉપાશ્રયનું દ્વારોદ્ઘાટન કરવાનો ચઢાવો, કંકુના થાપા કરવાનો ચઢાવો, સકળસંઘ પર અમીછાંટણાં કરવાનો ચઢાવો.

૨) ચાતુર્માસ પ્રવેશના દિવસે પ્રવચન હોલ ખુલ્લો મૂકવાનો ચઢાવો.

૩) બેસતા વર્ષે સર્વસાધારણનો ભંડાર જિનમંદિર સિવાય યોગ્ય સ્થળે સ્થાપિત કરવાનો ચઢાવો, તે ભંડાર સ્થાપિત કરનારનું નામ ભંડાર પર એક વર્ષ રહે. દર વર્ષે બદલવાનું રહે.

દેવદ્રવ્યાદિના ચડાવામાં સાધારણ ખાતાનો સરચાર્જ નાંખવો વગેરે પદ્ધતિ તદ્દન અશાસ્ત્રીય હોવાથી અમાન્ય છે.

## ૩૭) ચડાવાની નવી વૈકલ્પિક પદ્ધતિ

ધાર્મિકસ્થાનોના નિર્માણનો અને ધાર્મિક અનુષ્ઠાનોનો લાભ એકથી વધુ લાભાર્થીઓ હોય ત્યારે શાસ્ત્રમર્યાદાનુસાર ચડાવા બોલાવીને આપવાની સુવિહિત પરંપરા ચાલી આવી છે. તેથી આવા પ્રસંગે ચડાવા બોલાવીને આદેશ આપવા. લકી ડ્રો, કુપન કે ચિટ્ઠી નાખવી વગેરે પદ્ધતિથી આદેશો આપવા યોગ્ય જણાતા નથી. એ જ રીતે શાસ્ત્રમાન્ય ધનત્યાગની ઉછામણીના બદલે નવકારવાળી-સામાયિક આદિથી ચડાવા બોલાવીને આદેશો આપવાની વર્તમાનમાં ચાલી પડેલી પ્રથા યોગ્ય જણાતી નથી કેમકે ઉછામણી લઈને તાત્કાલિક દ્રવ્યની ચૂકવણીનો માર્ગ સામાયિક આદિની બોલીમાં સચવાતો નથી અને ધર્મદ્રવ્યની વૃદ્ધિ અટકવી ઈત્યાદિ અનેક દોષો સંભવે છે.

## ૩૮) ઉપજની ફાળવણી આદિ

'ચાતુર્માસ-પ્રતિષ્ઠા-દીક્ષા આદિ સમયે થતી ઉપજમાંથી અમુક ટકા રકમ અમારા કહ્યા મુજબ ફાળવવી' આવા શરતી વ્યવહાર સાથે નિશ્રા આપતા કોઈપણ મહાત્માઓની નિશ્રામાં શ્રીસંઘે કોઈપણ આયોજન કરવાં નહિ, તેમજ શ્રીસંઘે પણ પ્રસંગ દરમ્યાન થયેલી આવકની ઉચિત ફાળવણી યોગ્ય જગ્યાએ યોગ્ય તપાસ કરીને તરત જ કરી દેવી જોઈએ. શ્રીસંઘે ઉપજનો સંગ્રહ કરવો નહિ.

'ચાતુર્માસમાં આટલા સામૂહિક તપો, આટલી વાચનાશ્રેણીઓ, આટલા સંવેદનાના કાર્યક્રમો વગેરે થવું જ જોઈએ' -એવો આગ્રહ સાધુ-સાધ્વીજી ભગવંતોએ રાખવો તે શ્રમણાચાર માટે યોગ્ય નથી. આ કારણે સામાન્ય ક્ષેત્રો સાધુ-સાધ્વીજીઓના ચાતુર્માસ કરાવતાં ય ગભરાતાં હોય છે. ધર્મોપદેશ દ્વારા

ધર્મ પમાડવો તે ધર્મોપદેશકનું મુખ્ય કર્તવ્ય છે. સાધુએ ધર્મનો ઉપદેશ આપવાનો છે, તેથી આદેશ આપી કાર્ય કરાવવાં તે સાધુનો ધર્મ નથી. ઉપદેશકોએ ટ્રસ્ટીઓ અને અન્ય કાર્યકરો સાથે સૌમ્ય વ્યવહાર કરવો ખૂબ હિતકર છે.

## ૩૯) હિસાબ જાહેર કરવો

દરેક સંઘના ટ્રસ્ટીઓએ ઓછામાં ઓછો વર્ષમાં એકવાર આવક-જાવકનો હિસાબ પૂરેપૂરો શ્રીસંઘ સમક્ષ જાહેર કરવો જરૂરી છે. જેથી કોઈ પણ જાતની ભૂલ થતી હોય તો સુધરે, વહીવટ પારદર્શી રહે, શ્રીસંઘમાં વિશ્વાસ વધે.

## ૪૦) ધર્મદ્રવ્ય ઋણ-નિવારણ

શ્રાવકો અને શ્રીસંઘ ધર્મદ્રવ્યના દેવાદાર ન બને કે ભક્ષણ, વિનાશ, ઉપેક્ષા આદિ મહાદોષોમાં ન પડે તે માટેનું કેટલુંક માર્ગદર્શનઃ-

૧) શ્રાવકોએ પોતાની શક્તિ અનુસાર જ ચઢાવાઓ બોલવા.

૨) ચઢાવાની રકમ તાત્કાલિક ભરી દેવી.

૩) 'ચઢાવાની મૂળ રકમ ન ભરતાં કેવળ વ્યાજ જ ભરતા રહેવું' આ રીત ઉચિત નથી.

૪) રોજીંદા નાના-નાના ચડાવા અંગે નીચે મુજબ કરી શકાય :- પેઢીમાં શ્રાવકોએ પોતાની અમુક મૂડી જમા કરાવી ખાતું ચાલુ કરાવી શકાય. નાના-મોટા ચડાવા બોલાય ત્યારે પોતાના ખાતામાંથી તરત જ રકમ ભરાઈ જાય જેથી પાછળથી રકમ ભરવી ભૂલી ન જવાય અને દોષમાં ન પડાય, જિનભક્તિ આદિનો લાભ મળતા અગાઉ જ રકમ ભરાઈ જાય. પેઢીના ચોપડામાં આનો હિસાબ રહે અને થોડા-થોડા સમયે નવી નવી રકમ જમા કરાવતા રહી સરભર કરી શકાય.

૫) ઉપાશ્રયાદિ ધાર્મિક સ્થાનો માટે દેવદ્રવ્ય તેમજ સામાજિક-સાંસારિક વાડી આદિ સ્થાનો માટે દેવદ્રવ્ય કે સાધારણદ્રવ્ય આદિ ધર્મદ્રવ્ય લોનરૂપે ન લઈ શકાય.

## ૪૧) નવા મતોને અમાન્યતા

સર્વજ્ઞસ્થાપિત આ શાસન શ્રમણપ્રધાન છે. આ શાસનમાં છદ્મસ્થ એવા સંસારત્યાગીઓ કે ગૃહસ્થો દ્વારા સ્થાપવામાં આવેલા કોઈ પણ મત કે ઉપાસનાપદ્ધતિને માન્યતા આપી શકાય નહિ. આ જ અનુસંધાનમાં પૂર્વના મહાપુરુષોએ પણ સમયે-સમયે આવા મતો સામે સકલ શ્રીસંઘ વતી સજ્જડ વિરોધ પ્રદર્શિત કરી શ્રીસંઘને બચાવી લેવાના પ્રયત્નો કર્યા છે.

## ૪૨) પરમાત્મા સમક્ષ વિવેચન

પરમાત્મા સમક્ષ પૂજા-પૂજનાદિમાં સાધુ-સાધ્વીજીભગવંત, શ્રાવક-શ્રાવિકાઓ, વિધિકારકો કે ગાયકોએ ઉપદેશાત્મક કોઈ વિવેચન કરવું નહિ.

## ૪૩) શ્રમણવર્ગની નિંદા-નનામી પત્રિકા

કોઈપણ સમુદાયના સંયમી સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે મનમાં દુર્ભાવ-દ્વેષભાવ રાખવો નહિ. સૌએ પરસ્પર ઉચિત બહુમાન-ઔચિત્ય જાળવવું. દ્વેષબુદ્ધિથી કોઈના દોષો પ્રગટ કરવા નહિ, નિંદા કરવી નહિ. નિંદા-કુથલીને પ્રોત્સાહન આપતી નામી કે નનામી પત્રિકા છપાવવી નહિ, વાંચવી, વંચાવવી કે પ્રચારવી નહિ. વળી આવા અન્ય કોઈ કાર્યમાં સહાયતા પણ કરવી નહિ.

## ૪૪) જૈન શબ્દનો વપરાશ

જૈન શબ્દ એ જાતિવાચક શબ્દ નથી પણ ધર્મવાચક શબ્દ છે, માટે ધર્મને માન્ય ન હોય તેવી સંસ્થા-મકાન-વાનગી-ધંધો-વ્યાપાર કે પ્રવૃત્તિ વગેરે સાથે જૈન શબ્દને જોડવો નહિ. દા.ત.: જૈન પાઉંભાજી

## ૪૫) જૂનાં શહેર વગેરેના ધર્મસ્થાનોની સુરક્ષા

અમદાવાદ-સુરત-ભરૂચ આદિ અનેક ગામ-નગરોમાં વસતા જૈનોએ ત્યાંના સ્થાનિક જિનમંદિરાદિ ધર્મસ્થાનોની સુરક્ષા જળવાય અને આશાતના ન

થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી તે સ્થાનોની નજીક રહેલું પોતાનું મકાન વેચવું જ નહિ, પરંતુ જો મકાન વેચવું અનિવાર્ય હોય તો વધુ નફો જોઈને એવા વર્ગને ન વેચવું કે જેથી આપણા ધર્મસ્થાનો જોખમમાં મૂકાવાની શક્યતા ઊભી થાય. શક્તિમાન જૈન અગ્રણીઓ આવા મકાનો લઈ શકે જેથી અન્યના હાથમાં ન જાય.

## ૪૬) હેરિટેજ

વાસ્તવિક દૃષ્ટિએ તમામ ધાર્મિક સંપત્તિઓની માલિકી શ્રીસંઘની જ હોય. આ તથ્ય શ્રીસંઘના સક્ષમ આગેવાનોએ સરકારના ધ્યાન પર લાવવું જોઈએ. જૈનશાસનની માલિકીની કોઈપણ પ્રાચીન સ્થાવર-જંગમ સંપત્તિ (પ્રત-પ્રતિમા-જિનાલય-પ્રાચીન અવશેષ આદિ)ને વર્લ્ડ હેરિટેજમાં ન જવા દેવી. અને અગાઉથી ચાલી ગયેલ જિનશાસનની તે-તે સંપત્તિને પાછી મેળવવા શ્રીસંઘે સુદઢ પ્રયત્ન કરવો જોઈએ.

## ૪૭) સાધર્મિક ભક્તિ

શ્રીઅરિહંતદેવ, નિર્ગ્રન્થગુરુ અને સર્વજ્ઞપ્રરૂપિત ધર્મને માનનારા સાધર્મિક ગણાય. આવા તમામ સાધર્મિક શ્રાવકો વાત્સલ્ય અને બહુમાનને પાત્ર છે, તમામની ભક્તિ યથા અવસરે યથાશક્તિ કરવી જોઈએ, આ માટે નીચે મુજબના વિકલ્પો વિચારી શકાય.

૧) દરેક શક્તિસંપન્ન શ્રાવક જો પોતાની શક્તિ મુજબ ૧-૨, ૫-૨૫ પરિવારોની જવાબદારી ઉપાડી લે તો ભારતભરના તમામ સાધર્મિકોનું ઉત્થાન, ધર્મમાં સ્થિરીકરણ, રક્ષણ બહુમાનપૂર્વક થઈ શકે, તે માટે મદદ કે સહાય જેવા તુચ્છ શબ્દો ન વાપરવા.

૨) તે-તે સ્થાનિક સમાજ પોતપોતાના સમાજના તેવા સાધર્મિકોની જવાબદારી અંદરોઅંદર વહેંચી લે.

૩) તે-તે ગામ-વતનના શ્રાવકો પોતપોતાના ગામ-વતનના સાધર્મિકો માટેની જવાબદારી અંદરોઅંદર વહેંચી લે.

૪) આ જ રીતે તે-તે સંઘના ધોરણે પણ થઈ શકે.

પરમાત્મ-શાસનની આ રીતે પણ ઉત્તમ સેવા-પ્રભાવના કરેલી ગણાશે.

## ૪૮) વર્ષીદાન

ચાલુ વરઘોડામાં વર્ષીદાન આપવાની આચરણા વિહિત અને પૂર્વમહાપુરુષો દ્વારા આચરિત છે અને આ પ્રવૃત્તિ શાસનપ્રભાવનાનું નિમિત્ત બનવા દ્વારા અનેકોને દીક્ષાધર્મ પ્રત્યે અહોભાવ પ્રગટાવનારી બનતી હતી. જે શાસ્ત્ર દ્વારા જાણી શકાય છે. માટે તેનો નિષેધ ન કરી શકાય. પરંતુ વર્તમાનકાળની વિષમ સ્થિતિમાં આ રીતથી ક્યારેક-ક્યાંક જાહેરમાર્ગો પર અવ્યવસ્થા સર્જાતી દેખાય તો વર્ષીદાનના વરઘોડાની પ્રવૃત્તિ સ્થળ અને સમયની અનુકૂળતા મુજબ એ રીતે કરવી જેથી લોકોમાં શાસન પ્રત્યેનો અહોભાવ વધારવામાં કારણ બને.

## -: ચારિત્રાચાર :-

## ભૂમિકા

સમ્યક્ચારિત્ર વિનાના માત્ર જ્ઞાન અને દર્શન મોક્ષ અપાવવા સમર્થ બનતાં નથી. તેથી રત્નત્રયરૂપ મોક્ષમાર્ગના મહત્ત્વપૂર્ણ અંગ ચારિત્ર ગુણને પ્રગટાવવા માટે પ્રભુએ સર્વવિરતિનો માર્ગ બતાવ્યો છે અને તે સર્વવિરતિ પાળવા અસમર્થ પણ સર્વવિરતિના ઉત્કટ અભિલાષુક આત્માઓ માટે દેશવિરતિ ધર્મ બતાવ્યો છે. આ બંને પ્રકારના માર્ગને જીવનમાં લાવવા જરૂરી સમિતિ-ગુપ્તિ આદિ રૂપ ચારિત્રાચારના સમ્યક્પાલન અને વિરાધનાત્યાગ માટેના નિર્ણયો :

## ૪૯) શ્રમણો દ્વારા માઈકમાં પ્રવચન

શ્રમણજીવનની મર્યાદા મુજબ સાધુ-સાધ્વીજી ભગવંતોથી પ્રવચન-વાચના આદિ કોઈ પણ પ્રસંગે માઈકમાં બોલી શકાય નહિ માટે સાધુ-સાધ્વીજી ભગવંતોએ માઈકમાં બોલવું નહિ. તેમજ પ્રવચનકાર ગુરુભગવંતોના પ્રવચનાદિનું ઓડીયો-વીડીયો રેકોર્ડીંગ કરવું-કરાવવું નહિ, તેમજ સી.ડી., ડી.વી.ડી., કેબલ કે ક્લોઝ્ડ સર્કીટ ટી.વી. આદિ દ્વારા પ્રચારવું કે પ્રસારણ કરાવવું નહિ.

**વિશેષનોંધ :** આવા માધ્યમો દ્વારા પ્રસારિત થતાં પ્રવચનાદિ શ્રીસંઘે સાંભળવાં-જોવાં નહિ કારણ કે આવાં માધ્યમોમાં ધર્મના મૂળરૂપ વિનય આદિ સચવાતાં નથી તેમજ આનાથી વ્યક્તિ સંસ્કારવિઘાતક અને જૈનત્વનાશક દશ્ય આદિ સાથે જોડાઈ જાય છે.

## ૫૦) શ્રમણવર્ગ દ્વારા મોબાઈલ ઉપયોગ

સોલાર-સેલ કે ઈલેક્ટ્રીકથી ચાલતી કોઈપણ ચીજ દા.ત. મોબાઈલ-ઘડિયાળ-બેટરી વગેરે સાધુ-સાધ્વીજી ભગવંતોથી રાખી શકાય નહિ. એટલું જ નહિ, પણ એ ચીજોનો સ્પર્શ પણ કરી શકાય નહિ. સાધુના હાથમાં ઓઘો-મુહપત્તિ-પ્રત-પુસ્તક શોભે, મોબાઈલ નહિ. આવી ચીજો રાખવાથી, વાપરવાથી કે સ્પર્શ કરવાથી અગ્નિકાયની વિરાધનાના કારણે મહાવ્રતોમાં હાનિ થાય છે. સાધુ-સાધ્વીજી ભગવંત હાથમાં રાખીને કે દૂર રાખીને (સ્પીકરમાં) પણ મોબાઈલમાં બોલી-સાંભળી કે વાતચીત કરી શકે નહિ. તેથી તેવી પ્રવૃત્તિ કોઈપણ સાધુ-સાધ્વીજીએ તેમજ સામાયિક-પૌષધ-ઉપધાનમાં કોઈપણ શ્રાવક-શ્રાવિકાએ કરવી નહિ.

## ૫૧) સાધુજીવનમાં વાહન આદિનો પ્રતિષેધ

શ્રમણજીવનની મર્યાદાનુસાર તમામ પ્રકારનાં વાહનો પ્લેન-ટ્રેન-ગાડી વગેરેમાં મુસાફરી કરવી સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સદંતર વર્જ્ય છે. વર્તમાનકાળમાં શ્રમણજીવનની આ મર્યાદામાં ક્યાંક બાંધછોડ અને શિથિલતા દેખાઈ રહી છે, તે તદ્દન બંધ કરી આ મર્યાદાનું કડકપણે પાલન કરવું. તે જ રીતે A.C., કુલર, પંખા, હિટર આદિ સંયમઘાતક સાધનોનો ઉપયોગ સાધુ-સાધ્વીજીએ કે સામાયિક-પૌષધમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓએ ન જ કરવો.

## ૫૨) પારિષ્ઠાપનિકા સમિતિ

ષડ્જીવનિકાયની વિરાધનાનો ભયંકર દોષ લાગતો હોવાથી સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ સામાયિક-પૌષધવ્રતમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓ પોતાનાથી

સીધી વિરાધના થાય તેવી મલ વિસર્જન પદ્ધતિનો ઉપયોગ ન જ કરી શકે.

પારિષ્ઠાપનિકા અંગે નીચેની વિગત અવશ્યપણે ધ્યાનમાં લેવી.:-

અનુચિત રીતે જ્યાં ત્યાં પરઠવવાના કારણે લોકોને ધર્મ પ્રત્યે અરુચિ થવી, વસતિ ન મળવી, ધર્મની નિંદા થવી વગેરે અનેક પ્રશ્નો સર્જાય છે. આથી તેવા પ્રશ્નો પેદા ન થાય, તેવી કાળજીપૂર્વક પરઠવવાનો ઉપયોગ અવશ્યપણે રાખવો. શ્રીસંઘોએ ઉપાશ્રયમાં માત્રું પરઠવવા માટે મોટી ખુલ્લી જગ્યા રાખવી. છેવટે પ્રમાણસરની પરઠવવા માટેની સ્પેશ્યલ કોલસીવાળી કુંડીઓ જે હાલમાં ચાલુ થઈ છે તે રાખી શકાય. અને સ્થંડિલભૂમિ માટે પણ સુયોગ્ય સ્થળે ડોમ બાંધવા, વાડા કરવા વગેરે યોગ્ય વ્યવસ્થા ગોઠવી શકાય. આવી વ્યવસ્થા દ્વારા અનેક સ્થળોએ હાલમાં આ પ્રશ્ન હલ થઈ શક્યો છે.

## ૫૩) ડોળીનો ઉપયોગ

કોઈ પણ સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતને અપવાદરૂપે ડોળી વાપરવી પડે તો ડોળીવાળાના પગાર આદિ માટે સમુચિત વ્યવસ્થા તે-તે સમુદાયના નાયકોએ તથા શ્રીસંઘે કરવી જોઈએ. જેથી સાધુ-સાધ્વીજી ભગવંતોને અનિચ્છાએ વ્હીલચેર આદિ વાપરવી પડે નહિ.

## ૫૪) શ્રમણવર્ગનો વિજાતીય પરિચય

બ્રહ્મચર્ય મહાવ્રત એ શ્રમણજીવનનું નિરપવાદ મહાવ્રત છે. સાધુ-સાધ્વીજી ભગવંતોના બ્રહ્મચર્યની વાડની સુરક્ષા માટે તેઓએ એકાંતમાં વિજાતીય સાથે વાતચીત કરવી ઉચિત નથી. દિવસના સમયે પણ પ્રવચન સમય સિવાય સાધ્વીજી ભગવંતો અને બહેનો માટે સાધુભગવંતોના ઉપાશ્રયમાં પ્રવેશ વર્જ્ય છે તેથી ઉપાશ્રયાદિમાં અજવાળું થયા પૂર્વે વિજાતીય વ્યક્તિએ પ્રવેશ કરવો નહિ તેમજ અંધકાર પછી ઉપાશ્રયાદિમાં રહેવું નહિ. આ જ મર્યાદા ભાઈઓએ સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રયાદિમાં જાળવવી.

## ૫૫) સાધ્વી પ્રવચન

પ્રાપ્ત થતા શાસ્ત્રાધારો તથા નિકટના ભૂતકાળના અને વર્તમાનકાલીન પૂજ્યોના મંતવ્યો અનુસાર સાધ્વીજી ભગવંતોએ પુરુષોની હાજરીવાળી સભામાં પ્રવચનાદિ આપવાં નહિ.

## ૫૬) રાત્રિકાર્યક્રમમાં શ્રમણવર્ગની ઉપસ્થિતિ

રાત્રિમાં યોજાતા અંજનશલાકા, પ્રતિષ્ઠા આદિ પ્રસંગોના ચઢાવા, ભક્તિભાવના, બહુમાન, મેળાવડો, વંદના આદિ કોઈ પણ કાર્યક્રમોમાં સાધુ-સાધ્વીજી ભગવંતોએ હાજરી આપવી નહિ.

## ૫૭) શિલ્પ-જ્યોતિષ આદિનો અભ્યાસ

શિલ્પ-વૈદ્યક-જ્યોતિષ આદિ ગ્રંથોનો અભ્યાસ કોઈ પણ સાધુ-સાધ્વીજી ભગવંતોએ ગુર્વાજ્ઞા વિના ન કરવો, તેમજ તેનો ઉપયોગ સાંસારિક પ્રયોજનસર બિલ્કુલ ન કરવો.

## ૫૮) શ્રમણવર્ગ દ્વારા સંસારપોષક પ્રવૃત્તિ

દોરા-ધાગા-તંત્ર-મંત્ર-યંત્ર-રક્ષાપોટલી-મીંઢળ-મૂર્તિ-શંખ આદિ આપવા દ્વારા સંસારપોષક શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિઓ શ્રમણજીવનની મર્યાદાને અત્યન્ત બાધક હોવાથી સાધુ-સાધ્વીજી ભગવંતોએ તેવી પ્રવૃત્તિઓ બિલ્કુલ કરવી નહિ.

## ૫૯) શ્રમણવર્ગની પરસ્પર ભેટપ્રવૃત્તિ

શ્રાવકોમાં તેમના વ્યાવહારિક પ્રસંગોમાં ચાલતી પ્રાસંગિક ભેટ-સોગાદ આપવાની પદ્ધતિ સાધુ-સાધ્વીજી ભગવંતોએ સ્વ-પરની દીક્ષાતિથિ-તપપૂર્ણાહુતિ

કે પદવી આદિ કોઈપણ પ્રસંગે અપનાવવી નહિ. એ પદ્ધતિ શ્રમણજીવનની મર્યાદાને અનુરૂપ નથી. માટે આવો વ્યવહાર સાધુ-સાધ્વીજીએ કરવો-કરાવવો નહિ.

## ૬૦) શ્રમણવર્ગનું યોગક્ષેમ

પ્રત્યેક ગચ્છના નાયકોએ પોત-પોતાના આશ્રિત વૃદ્ધ-ગ્લાન સાધુ-સાધ્વીજી ભગવંતોના યોગક્ષેમ અને જંઘાબળ ક્ષીણ થાય ત્યારે સ્થિરવાસ આદિ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી કે જેથી તેઓની સમાધિ, સંયમ અને સ્વાસ્થ્ય જળવાય, તેમજ તેઓને પોતાના સ્વતંત્ર સ્થાનો ઊભા કરવાની અનિચ્છનીય પ્રવૃત્તિમાં પડવું પડે નહિ અને જ્યાં સુધી વિહાર કરવાની ક્ષમતા હોય ત્યાં સુધી સ્થિરવાસ કરવો-કરાવવો નહિ.

## ૬૧) શ્રમણવર્ગના અગ્નિસંસ્કારનું સ્થળ

પંચમહાવ્રતના પાલનથી પરમપવિત્ર બનેલ આચાર્યાદિ દરેક શ્રમણ-શ્રમણીઓના પાર્થિવદેહને કાળધર્મભૂમિથી દૂરના પ્રદેશમાં અગ્નિસંસ્કાર માટે વાહનમાં લઈ જવાનો શ્રમણસંમેલન સ્પષ્ટ નિષેધ કરે છે.

## ૬૨) સમુદાય પરિવર્તન

કોઈપણ સમુદાયના સાધુએ સકારણ અન્ય સમુદાયમાં દાખલ થવું હોય તો બન્ને સમુદાયોના નાયકોની લેખિત સંમતિ મેળવવી આવશ્યક છે.

નાયક આદિ વડિલોએ પણ સાધુ-સાધ્વીજીનો એવો કોઈ ગંભીર ગુનો ન હોય તો તેમને સમુદાય બહાર ન કરતાં સમજાવીને પોતાની પાસે અથવા જ્યાં તેની સંયમની સાધના સારી રીતે સધાતી હોય ત્યાં રહેવાની અનુમતિ આપી સાધુ-સાધ્વીજીને સંયમમાં સ્થિર કરવાં.

## ૬૩) ઉદ્‌ભટ વેશ ત્યાગ

ધર્મ અને આર્યસંસ્કૃતિની મર્યાદાનુસાર ઘરમાં પણ ઉદ્‌ભટ (શરીરચુસ્ત-ટૂંકા-પારદર્શક) વસ્ત્ર પહેરવાં યોગ્ય નથી જ, એટલે ખાસ કરીને જિનમંદિર-

ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં તો તેવો વેશ પહેરીને ન જ આવવું જોઈએ. શ્રીસંઘોએ પણ ઉદ્‌ભટવેશ પહેરનારાના પ્રવેશ પર પ્રતિબંધ માટે બોર્ડ મૂકવા સાથે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવો જોઈએ.

## ૬૪) બહેનોમાં માસિક ધર્મ

આપણા શાસનમાં પળાતી મર્યાદા મુજબ માસિકધર્મમાં આવેલી બહેનો માટે ૭૨ કલાક સુધી જિનદર્શનાદિ ધર્મકાર્યો તેમજ ગૃહકાર્ય કરવું, ભણવું, રાંધવું, ક્યાંય સ્પર્શ કરવો વગેરેનો નિષેધ છે, માટે બહેનોએ માસિકધર્મ અવશ્ય પાળવો જોઈએ. ન પાળવાથી અપવિત્ર પુદ્‌ગલો ગૃહાદિને અપવિત્ર બનાવે છે, જે પવિત્ર ભાવો ઉત્પન્ન થવામાં બાધક બને છે. ધાર્મિક સ્થાનો અને અનુષ્ઠાનોમાં કામ કરવા માટે લવાતી બહેનોમાં પણ આ વિવેક જળવાય તે જરૂરી છે.

## ૬૫) ધાર્મિકપ્રસંગોની મર્યાદા

ધાર્મિક પ્રસંગોમાં રાત્રિભોજન, અભક્ષ્ય ભોજન, બુફે, એ.સી., બરફ, આઈસક્રીમ, ઠંડાપીણા વગેરેનો ઉપયોગ ન જ થવો જોઈએ. તે જ રીતે જૈનોના લગ્નાદિ પ્રસંગોમાં પણ રાત્રિભોજન કરાવવું, રિસેપ્શન આદિ કાર્યક્રમો રાખી અભક્ષ્ય ખાણી-પીણી અને નાચગાનના જલસા કરાવવા વગેરે બિલ્કુલ ઉચિત નથી. શ્રાવકના ઘરના લગ્ન વગેરે પ્રસંગો પણ શ્રાવકજીવનને અનુરૂપ હોવા જોઈએ.

## ૬૬) ધાર્મિક પ્રસંગોમાં અનિષ્ટ

જમણવારો-વરઘોડાઓ વગેરેમાં હાલ ડિસ્પોઝેબલ ગ્લાસ-ડીશ વગેરેનો વપરાશ શરૂ થયો છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય વગેરે જીવોની વિરાધના, શાસનની અપભ્રાજના આદિ અનેક દૃષ્ટિકોણથી એ તદ્દન અનુચિત છે, વળી વરઘોડાઓ દરમ્યાન શરબતી પીણાં પીધાં બાદ એંઠાંમોંઢે જ બોલવા-ચાલવાનું થાય છે તે યોગ્ય નથી, કારણકે તેમાં જ્ઞાનની, ગુરુની અને પ્રભુની આશાતના થાય છે.

## ૬૭) આરાધનાસ્થળોની મર્યાદા

ઉપાશ્રય-જ્ઞાનમંદિર-પાઠશાળા વગેરે આરાધનાસ્થળોમાં રત્નત્રયીસાધક પ્રવૃત્તિ જ થઈ શકે. તે સિવાયની બીજી, રત્નત્રયીની સાધનામાં બાધક બને તેવી-સામાજિક કાર્યક્રમો, રાજકીય કાર્યક્રમો, ભૌતિક ક્ષેત્રે કોઈપણ પ્રકારની સિદ્ધિ મેળવનારનું બહુમાન વગેરે કોઈપણ પ્રવૃત્તિ કરવી નહિ.

## ૬૮) ધર્મપ્રચારક

સાધુ તે કહેવાય કે જે પંચમહાવ્રતધારી હોય, સાધુનું ચિહ્ન સાધુવેષ અને રજોહરણ છે. જે ધારણ કરવાનો અધિકાર પંચમહાવ્રતધારી સાધુ સિવાય અન્ય કોઈને નથી. જ્યારે દેશવિરતિધર શ્રાવક તે કહેવાય કે જે અણુવ્રતધારી હોય. શ્રાવકજીવનમાં એકેય મહાવ્રત હોઈ શકે જ નહિ. શ્રાવકનું ચિહ્ન ચાંલ્લો અને ચરવળો છે.

પરદેશમાં કે દૂરના પ્રદેશોમાં ધર્મપ્રચાર માટે શ્રાવકને અમુક મહાવ્રત (!) કે જે ખરેખર મહાવ્રત તો નથી જ, પણ તેવી પ્રવૃત્તિ કરવાના કારણે સ્પષ્ટ રીતે સમ્યગ્દર્શનનો જ ઘાત થતો હોવાથી અણુવ્રતસ્વરૂપ પણ રહેતાં નથી, તેવાં કહેવાતાં મહાવ્રતો (!) આપી યતિદીક્ષા કે એવા કોઈપણ દરજ્જા સ્વરૂપે ધર્મપ્રચારક તૈયાર કરવા તે શાસ્ત્રસંમત તો નથી જ પણ સંપૂર્ણપણે શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિ શ્રીજિનાજ્ઞાને સમર્પિત એવા શ્રીસંઘથી ક્યારેય માન્ય કરી શકાય નહિ. તેથી તેવી પ્રવૃત્તિને અમાન્ય ઠેરવીને આ શ્રમણસંમેલન શ્રીસંઘને જણાવે છે કે, આવી પ્રવૃત્તિને કોઈએ ક્યારેય પણ માન્યતા કે ટેકો આપવો નહિ.

## ૬૯) જૈન પંચાંગ

સકલ શ્રીસંઘની પર્વતિથિ, કલ્યાણક તિથિ, દેરાસરની સાલગિરિ, પક્ખિ, ચોમાસી, સંવત્સરી વગેરેની તમામ આરાધનાઓ એક જ દિવસે એકસરખી રીતે થાય તો તે આદરણીય છે. તે માટે છેલ્લા કેટલાક સમયથી જૈન પંચાંગના નામે એક નવા પંચાંગની રચના કરવાનો પ્રયત્ન આરંભાયો છે. જો કે

શાસ્ત્રીય રીતે આવું પંચાંગ બનાવવું શકય જ નથી, આમ છતાં કોઈએ પણ બનાવેલું તે પંચાંગ જૈનશાસ્ત્રાનુસારી છે, તેવું જ્યાં સુધી પુરવાર ન થાય અને એ સકલ શ્રીતપાગચ્છમાં સર્વમાન્ય ન બને ત્યાં સુધી વિ.સં.૨૦૧૪ની સાલમાં સકલ શ્રીસંઘે સર્વાનુમતે માન્ય કરેલ 'શ્રી જન્મભૂમિ પંચાંગ'ના આધારે જ શાસ્ત્રીય નિયમાનુસાર સ્વ-પરનાં આરાધનાદિ તમામ કાર્યો કરવાં-કરાવવાનાં રહેશે તેવું આ શ્રમણ સંમેલન ભારપૂર્વક ઠરાવે છે.

## -: તપાચાર :-

## ભૂમિકા

આત્માને અનાદિકાળથી વળગેલા કર્મરૂપ ઈંધનને બાળવા માટે જાજવલ્યમાન અગ્નિ એટલે જ તપ. આ તપગુણને આત્મામાં પ્રગટાવવા માટે બતાવાયેલા અનશન આદિ બાર પ્રકારના તપાચારોમાં સમગ્ર જૈનશાસનનો સાર સમાઈ જાય છે. આ તપાચારના સમ્યક્પાલન અને વિરાધનાત્યાગ માટેના નિર્ણયો :

### ૭૦) શ્રમણવર્ગના તપની ઉછામણી

સામાન્યથી સાધુ-સાધ્વીજી ભગવંતોનો તપ ગુપ્ત રાખવાનો હોય છે. તેમની ગોચરી પૂર્વથી નિશ્ચિત ઘરે હોતી નથી. આ સાધ્વાચાર છે. તેથી આ સાધ્વાચારની મર્યાદા મુજબ તેમના પારણાની ઉછામણી બોલાવી શકાય નહિ.

### ૭૧) સાંસારિક પ્રલોભનથી કરાતા તપ

તપ જેવા અનુષ્ઠાનો મુખ્યત્વે કર્મનિર્જરા માટે જ શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. આથી જ તપસ્વીની લોભવૃત્તિ પોષાય તેવાં સાંસારિક પ્રલોભનો તપ કે અનુષ્ઠાનોની પૂર્વે જાહેર કરીને તપ કે અનુષ્ઠાનો કરાવવાં નહિ.

## ૭૨) તપ-ઉજવણીમાં વિવેક

ઉપધાન-અઠ્ઠાઈ-માસક્ષમણાદિ તપની પૂર્ણાહુતિ બાદ આજે ઘણે ઠેકાણે એવું જોવામાં આવે છે, કે તે જ નિમિત્તને પામીને સાધર્મિકવાત્સલ્ય કે સાધર્મિકભક્તિને બદલે પાર્ટીઓ ગોઠવવામાં આવે છે, તે પણ રાત્રિસમયે, હોટલ-એ.સી.હૉલ-રીસોર્ટ-ઘાસવાળી ભૂમિ વગેરેમાં રખાય છે અને ભક્ષ્યાભક્ષ્યનો કોઈ વિવેક રખાતો નથી. આ બધું જ કર્મનિર્જરાને બદલે કર્મબંધનું કારણ બનતું હોવાથી તેમજ જૈનશાસનની, તપધર્મની અને તપસ્વીની પણ નિંદા-અપભ્રાજનાનો હેતુ હોવાથી સદંતર બંધ કરવા યોગ્ય છે.

## -: વીર્યાચાર :-

## ભૂમિકા

આપણો આત્મા અનંતવીર્યનો સ્વામી છે. અત્યારે એ અનંતવીર્યનો અનંતમો ભાગ જ આત્મા પ્રગટ કરી શક્યો છે. જેટલું પણ આત્મવીર્ય પ્રગટે છે, એ પણ બહુધા આત્મા માટે જ બાધક બને તેવાં સ્થાનોમાં વપરાય છે. આત્માનું વીર્ય આત્મા માટે સાધક એવા જ્ઞાનાચારાદિ રૂપ જૈનશાસન માટે વપરાય અને તે દ્વારા અનંતવીર્ય પ્રગટ થાય તેનું સાધન આ વીર્યાચાર છે. મન-વચન-કાયાને સમ્યગ્ રીતે પ્રવર્તાવવા રૂપ ત્રણ પ્રકારના વીર્યાચારના સમ્યક્પાલન અને વિરાધનાત્યાગ માટેના નિર્ણયો :

## ૭૩) સાધુ-સાધ્વીજી વિચરણ

વર્તમાનમાં તપાગચ્છમાં અંદાજે ૮૦૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતોની વિરાટ સંખ્યા છે. તેમાંથી કુલ માત્ર ૨૦૦ સાધુ ભગવંતો અને ૮૦૦ સાધ્વીજી ભગવંતો માટે જો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ છોડીને બાકીના ૨૨ જેટલા રાજ્યોમાં વિચરણની ગોઠવણ થાય, આ દરમ્યાન સુરક્ષાદિની યથાયોગ્ય વ્યવસ્થા શ્રાવકસંઘ દ્વારા ગોઠવાય, તો પ્રાયઃ દરેક ગામોના જૈનોનું જૈનત્વ ટકે, જિનમંદિર ઉપાશ્રયાદિ જિનશાસનની સ્થાવર-જંગમ સંપત્તિનું

સંરક્ષણ થાય, ધર્માન્તરણ ઉપર રોક લાગે, સંસ્કારોનું રક્ષણ અને સંવર્ધન થાય, સાધર્મિકોની કાળજી લેવાય, તે-તે પ્રદેશના ભદ્રિક અજૈનો પણ જૈન આચાર-વિચારથી પ્રભાવિત થઈ બોધિબીજાદિ પામે અને આ બધાથી સર્વત્ર જૈન સંઘની આધ્યાત્મિક ઉન્નતિ થાય, જિનશાસન ઝળાહળાં બને, જૈનં જયતિ શાસનમ્‌નો ઘોષ દિગદિગંતરમાં ગાજે.

## ૭૪) જૈનની ન્યૂનતમ આચારમર્યાદા

આજે જૈનોના ઘરમાંથી પાયાના નિયમરૂપ ગણાતા જૈનાચારો બહુ ઝડપથી નાશ પામતા જાય છે. માટે આ સંમેલન ભારપૂર્વક ભલામણ કરે છે, કે શ્રીસંઘના પ્રત્યેક પરિવારમાં ઓછામાં ઓછું જિનદર્શન-પૂજન, ગુરુવંદન, જિનવાણીશ્રવણ, નવકારશી, રાત્રિભોજનત્યાગ, કંદમૂળ-અભક્ષ્યખાનપાનનો ત્યાગ, ઓછામાં ઓછી પાંચ તિથિએ લીલોતરીનો ત્યાગ આદિ પાયાના આચારો પળાવા જ જોઈએ. ધ્યાન રાખવું કે દરેક પ્રકારના કાચાં-પાકાં ફળો, લીલાં શાક અને ભાજી લીલોતરીમાં ગણાય છે. પાયાના આચારો ટકશે તો ધર્મનો પ્રવેશ અને પાલન શ્રાવકજીવનમાં સુલભ અને સુકર બનશે.

## ૭૫) જૈનોની સંખ્યામાં વૃદ્ધિ

જૈનોની સંખ્યા જે ઘટી રહી છે, તેની વૃદ્ધિ કરવી તે ચતુર્વિધ શ્રીસંઘનું પરમ કર્તવ્ય બને છે. તે માટે શ્રમણ-શ્રમણીવૃંદે વિવિધ ક્ષેત્રોમાં વિચરીને પોતાના વિશિષ્ટ જ્ઞાન અને સંયમજીવનના નિર્મળ આચારો દ્વારા પોતાની મર્યાદા પ્રમાણે જિનવચનાનુસાર યથાયોગ્ય ધર્મદેશના દ્વારા પરિચયમાં આવનાર દરેકને કોઈપણ જાતના ભેદભાવ વિના જૈન સિદ્ધાન્તો તથા ઉત્તમ આચાર-વિચારનું જ્ઞાન આપવું જોઈએ. જેઓ ભૂતકાળમાં જૈન હતા પરંતુ હાલ સંયોગવશ જૈનધર્મથી દૂર ચાલ્યા ગયા છે કે પોતાનું જૈનત્વ ભૂલી ગયા છે, તેમને પણ તેમના પૂર્વજોનો વાસ્તવિક ભૂતકાળ સમજાવી પ્રભુના માર્ગે પુનઃ પાછા વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ જ રીતે શ્રાવક-શ્રાવિકાવર્ગે પણ પોતાના તન-મન-ધન-બુદ્ધિપ્રતિભા અને સમયનો સદુપયોગ કરી અનેકાનેક આત્માઓ પ્રભુના માર્ગના સાચા અર્થમાં અનુયાયી બને તેવા જૈનોની વૃદ્ધિ કરવાના આ કાર્યમાં સહભાગી બનવું જોઈએ. જૈનત્વ વિનાના જૈનોની માત્ર

સંખ્યા વધે એ કરતાં તેવા જૈનો સાચા અર્થમાં જૈનો બને એવો પુરુષાર્થ કરવો અતિજરૂરી છે.

જૈન પરિવારોમાં જન્મનું પ્રમાણ વધારીને જૈનોની સંખ્યાનો વધારો કરવાની વાત જૈનશાસને, તેના સંસ્થાપક એવા શ્રીજિનેશ્વરદેવે કે તેના અનુયાયી એવા આજ સુધીમાં થયેલા ચતુર્વિધ શ્રીસંઘે ક્યારેય કરી નથી. આ વાત સાધ્વાચારથી અને જૈનશાસનની સુવિહિત પરંપરાથી વિરુદ્ધ છે.

## ૭૬) જૈનોનો રાજકારણમાં પ્રવેશ

વર્તમાનનું રાજકારણ એવું છે કે સારી બુદ્ધિથી અને સારા આશયથી પણ ત્યાં જનારા મોટેભાગે વર્તમાન તંત્રના કારણે સ્વયં સ્વધર્મથી ચૂક્યા વિના રહી શકતા નથી, અને ભૂતકાળનો ઈતિહાસ પણ એ વાતનો સાક્ષી છે, કે કોઈપણ મહાપુરુષે કોઈનેય રાજકારણમાં જોડવાનો પ્રયત્ન કર્યો નથી. પૂર્વના મહાપુરુષોએ સમકાલીન રાજાઓ, મંત્રીઓ કે અધિકારીઓ પાસેથી શાસન ઉપયોગી તીર્થરક્ષા-ધર્મરક્ષા-જીવરક્ષાદિ કાર્યો કરાવી, શાસનની સેવામાં તેઓને જોડ્યા છે. વર્તમાનમાં પણ આ જ માર્ગે ચાલવા જેવું છે.

## ૭૭) જૈનોનો કાયદાકીય વિભાગ (લીગલ સેલ)

વર્તમાન સરકારી તેમજ ન્યાયિક તંત્રના કારણે સામર્થ્ય હોવા છતાં પણ શ્રીસંઘ અનેકાનેક સમસ્યાઓનો સામનો કરી શકતો નથી. તીર્થરક્ષાના પ્રશ્નો, વહીવટી પ્રશ્નો, સરકાર કે અન્યો દ્વારા આપણી સંપત્તિ-સ્થાનો પર કબ્જાના પ્રશ્નો, નવાનવા કાયદાના પ્રશ્નો, કોર્ટકેસના પ્રશ્નો, જીવદયા-પાંજરાપોળ અંગેના પ્રશ્નો, મિડીયા વગેરેમાં અપપ્રચારના પ્રશ્નો, ધર્મસ્થાનો બંધાવવા અંગેના પ્રશ્નો તેમજ તેવા અન્ય અનેક પ્રશ્નોનું નિરાકરણ લાવવું અત્યન્ત જરૂરી બન્યું છે. આ માટે શ્રીસંઘનો કાયદાકીય વિભાગ બનાવવો જરૂરી છે. તે વિભાગ દ્વારા જૂના પ્રશ્નોના ઉકેલ આવે, નવા પ્રશ્નો ઊભા ન થાય અને શ્રીસંઘો-ટ્રસ્ટોને નિયમિત રીતે માર્ગદર્શન મળી રહે તે માટે શ્રમણસંમેલન આ બાબતને ગંભીરતાથી અગ્રતાક્રમે (પ્રથમ) રાખવાની ભલામણ કરે છે.

## ૭૮) કુદરતી આફતોમાં અનુકંપા

કુદરતી આફતો સ્વરૂપ ભૂકંપ, પૂર, સુનામી, વાવાઝોડા, દુષ્કાળ વગેરે અવસરે 'નાતજાતના ભેદભાવ વિના આફતગ્રસ્ત દુઃખી મનુષ્યો કે પશુઓને શ્રીજૈનશાસનની વિવેકમર્યાદાને અનુસરીને અનુકંપાના પરિણામપૂર્વક શક્તિ અનુસાર જરૂરી બધી જ સહાય પૂરી પાડવી' આ જિનશાસનની ઉદાર દષ્ટિ રહી છે. સાચો ધર્માત્મા કોઈ સામાન્ય દુઃખી જીવને જોઈને પણ કરુણાથી છલકાયા વગર રહે નહિ, તો ભયંકર અને આકસ્મિક આપત્તિગ્રસ્ત જીવ માટે તો એ દયાર્દ્ર બન્યા વિના કેમ રહે ! આથી આવા અવસરે પ્રત્યેક સમર્થ શ્રાવક-શ્રાવિકાવર્ગે પોત-પોતાને ઉચિત અનુકંપા-જીવદયાદિનું કાર્ય જૈનશાસનના નામે શાસનનું ગૌરવ વધે અને એ દ્વારા અનેક જીવોના હૃદયમાં બોધિબીજનું વાવેતર થાય તે રીતે કરવું જોઈએ.

શ્રીશત્રુંજય મહાતીર્થની પાવન છત્રછાયામાં વિ.સં.૨૦૭૨ ફાગણ વદ ૩ શનિવાર તા.૨૬-૩-૨૦૧૬ થી ફાગણ વદ ૮ શુક્રવાર તા.૧-૪-૨૦૧૬ દરમ્યાન યોજાયેલા તપાગચ્છીય શ્રમણસંમેલનમાં ચતુર્વિધ શ્રીસંઘ માટે થયેલા ૭૮ નિર્ણયો ૪૫ આચાર્યો, અનેક પદસ્થો તેમજ ૧૯૦૦ જેટલા શ્રમણ-શ્રમણીઓથી પરિવરેલા નીચે સહી કરનારા ત્રણ સમુદાયોએ શાસ્ત્રમતિ આધારિત સર્વસંમતિથી કરેલ છે.

| | | |
|---|---|---|
| આ.વિ.સોમસુંદરસૂરિ | આ.વિ.લલિતશેખરસૂરિ | આ.વિ.હેમેન્દ્રસૂરિ |
| આ.વિ.જિનચન્દ્રસૂરિવતી | આ.વિ.પુણ્યપાલસૂરિ | |
| આ.વિ.યોગતિલકસૂરિ | આ.વિ.મુક્તિપ્રભસૂરિ | |
| | આ.વિ.કીર્તિયશસૂરિ | |

# પરિશિષ્ટ-૧

## પૂજ્ય સાધુ-સાધ્વીજીના અભ્યાસક્રમનું સામાન્ય માર્ગદર્શન

### ધોરણ-૧

| | | |
|---|---|---|
| સાર્થ સૂત્રપાઠ | : | ૧) પાંચ પ્રતિક્રમણ સૂત્ર, ૨) પચ્ચક્ખાણ સૂત્ર, ૩) પૌષધ લેવા- પારવાનું સૂત્ર, ૪) સંથારા પોરસી સૂત્ર, ૫) ભક્તામર સ્તોત્ર, ૬) શ્રમણ સૂત્રો, ૭) શ્રી દશવૈકાલિક સૂત્ર. |
| વિવિધ વિધિઓ | : | દેવસી-રાઈઅ-પક્ખી આદિ પ્રતિક્રમણ વિધિ, પૌષધવિધિ જેવી કે લેવાની, પારવાની, પડિલેહણ, પોરસી, પચ્ચક્ખાણ પારવાની, માંડલા, સંથારાપોરસીની, રાઈમુહપત્તિની વિધિ . |
| વાંચન ગુજરાતી | : | કથાના પુસ્તકોનું પ્રતિદિન અડધો કલાક |
| લેખન ગુજરાતી | : | ૧) અક્ષર ઘુંટન (દરેક અક્ષર ૫૦વાર ઘુંટવા) ૨) છ માસ સુધી પ્રતિદિન અડધો કલાક અનુલેખન. |
| કાવ્ય ગુજરાતી | : | ૧) ચૈત્યવંદન, ૨) સ્તવન અને ૩) થોય નીચે દર્શાવેલ પ્રમાણે સાત-સાત કરવા. ૪) સજ્ઝાય - નીચે દર્શાવેલ પ્રમાણે પાંચ. ૫) રત્નાકર પચ્ચીશી, ૬) યાચના સ્તુતિ. |
| ચૈત્યવંદન | : | ૧) શ્રી સીમંધર જગધણી, ૨) શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, ૩) આદિદેવ અલવેસરૂ, ૪) શાંતિજિનેસર સોળમા, ૫) નેમનાથ બાવીસમા, ૬) આસપુરે પ્રભુ પાસજી, ૭) સિદ્ધારથ સુત વંદીયે. |

| | | |
|---|---|---|
| સ્તવન | : | ૧) સુણો ચંદાજી સીમંધર, ૨) વિમલાચલ નિતુ વંદિયે, ૩) માતા મરુદેવીના નંદ, ૪) મારો મુજરો લ્યોને રાજ, ૫) નિરૂપમ નેમજી રે વાલમ, ૬) રાધા જેવા ફૂલડાંને, ૭) સિદ્ધારથના નંદન વિનવું. |
| થોય (૪-૪ ગાથાના જોડા) | : | ૧) શ્રી સીમંધર જિનવર, ૨) શ્રી શત્રુંજય મંડન, ૩) પ્રહ ઊઠી વંદુ, ૪) શાંતિ સુહંકર સાહિબો, ૫) રાજુલ વરનારી, ૬) શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ, ૭) જય જય ભવિ હિતકર. |
| સજ્ઝાય | : | ૧) કડવાં ફળ છે ક્રોધના, ૨) રે જીવ માન ન કીજીએ, ૩) સમકિતનું મૂળ જાણીએજી, ૪) આપ સ્વભાવ મેં રે, ૫) સગું તારું કોણ સાચું રે. |

## ધોરણ-૨

| | | |
|---|---|---|
| સાર્થ સૂત્રપાઠ | : | ૧) ચાર પ્રકરણ, ૨) ત્રણ ભાષ્ય, ૩) એક કર્મગ્રન્થ, ૪) નવસ્મરણ. |
| પર્વસંબંધી વિધિજ્ઞાન | : | ૧) જ્ઞાન પાંચમ, ૨) ત્રણ ચોમાસી, ૩) મૌન એકાદશી, ૪) પોષદશમી, ૫) ચૈત્રી પૂનમ, ૬) નવપદ ઓળી, ૭) પર્યુષણ અટ્ઠાઈ, ૮) દીવાળી. |
| વાંચન ગુજરાતી | : | ૧) પ્રવચન પુસ્તકોનું વાંચન, ૨) અનુવાદ ગ્રન્થવાંચન (શ્રીત્રિષષ્ટિ, ઉપમિતિ, શત્રુંજય માહાત્મ્ય આદિ), ૩) ઉચ્ચારપૂર્વક વાંચન (પ્રતિદિન અડધો કલાક છ માસ યાવત્), ૪) શ્રમણોપયોગી પુસ્તક વાંચન (ઓઘનિર્યુક્તિ પરાગ આદિ) |
| લેખન ગુજરાતી | : | શ્રુત લેખન (પ્રતિદિન અડધો કલાક છ માસ યાવત્) |
| કાવ્ય ગુજરાતી | : | ૧) ઉપર દર્શાવેલ પર્વોના- ચૈત્યવંદન, સ્તવન, થોય, સજ્ઝાય, ૨) અરિહંત વંદનાવલી, ૩) ૐ નમઃ પાર્શ્વનાથાય ચૈત્યવંદન, સત્યાવીશ ભવ-પંચકલ્યાણક સ્તવન, હાલરડું. |

## ધોરણ-૩

સાર્થ સૂત્રપાઠ : તત્ત્વાર્થસૂત્ર, વૈરાગ્ય/ઈન્દ્રિયપરાજયશતક, સંબોધસિત્તરિ
અધ્યયન : સંસ્કૃતં સરલમ્-૧/૨ અથવા હેમ સંસ્કૃત પ્રવેશિકા-૧/૨
વાંચન : અનુવાદગ્રન્થો, કથાપુસ્તકો.

## ધોરણ-૪

સાર્થ સૂત્રપાઠ : ૨ થી ૪ કર્મગ્રન્થ, યોગશાસ્ત્ર, સાધારણજિન સ્તવન, હૃદયપ્રદીપ.
અધ્યયન : ૧ થી ૬ કર્મગ્રન્થ વિવેચનારૂપ પાઠ.
વાંચન : સંસ્કૃત ગદ્ય કથાગ્રંથો (પ્રતિદિન બે કલાક છ માસ યાવત્)

## ધોરણ-૫

સાર્થ સૂત્રપાઠ : જ્ઞાનસાર, વીતરાગસ્તોત્ર, (અધ્યાત્મકલ્પદ્રુમ અંતર્ગત) યતિશિક્ષાઅધિકાર, શાન્તસુધારસ.
અધ્યયન : સિદ્ધહેમશબ્દાનુશાસનમ્-લઘુવૃત્તિ
વાંચન : સંસ્કૃત પદ્ય ચરિત્રગ્રંથો (પ્રતિદિન બે કલાક છ માસ યાવત્)

## ધોરણ-૬

સાર્થ સૂત્રપાઠ : યોગસાર, ગુણસ્થાનક્રમારોહ, સવાસો-દોઢસો-સાડાત્રણસો ગાથાના સ્તવનો, સમકિતના ૬૭ બોલ-અમૃતવેલ સજઝાય, શત્રુંજયલઘુકલ્પ.
અધ્યયન : પ્રાકૃત બુક
વાંચન : પૂ. આ. શ્રીસુમતિસાધુ સૂ.મ. કૃતટીકાયુક્ત શ્રીદશવૈકાલિક સૂત્ર, શ્રીલક્ષ્મીવલ્લભગણી કૃતટીકાયુક્ત શ્રીઉત્તરાધ્યયન સૂત્ર.

## ધોરણ-૭

સાર્થ સૂત્રપાઠ : ઉપદેશમાળા, અધ્યાત્મસાર.
અધ્યયન : તર્કસંગ્રહ, મુક્તાવાલી.
વાંચન : શ્રી સમરાઈચ્ચકહા (પ્રતિદિન બે કલાક છ માસ યાવત્)

## ધોરણ-૮

સાર્થ સૂત્રપાઠ : શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર આદિ આગમગ્રંથો
વાંચન : હરિભદ્રીય યોગભારતી- સટીક વાંચન

# ધોરણ- ૯

**સાર્થ સૂત્રપાઠ** : પ્રવચન સારોદ્ધાર, પ્રશમરતિ, બત્રીશી, અભિધાન કોશ,

**વાંચન** : શ્રી આવશ્યક સૂત્ર, શ્રી દશવૈકાલિક (શ્રી હરિભદ્રીય વૃત્તિ), શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (શ્રી શાન્તિસૂરીય વૃત્તિ), શ્રી આચારાંગ સૂત્ર (શ્રી શીલાંકસૂરીય વૃત્તિ)

ઉપર મુજબના નવ ધોરણ પૂર્ણ થયા બાદ નીચે દર્શાવેલ નવ વિષયોમાંથી જે વિષયની વધુ રુચિ હોય તે વિષયના ગ્રંથોનું વાંચન કરી તે વિષયમાં નિપુણતા મેળવવી અને તે દ્વારા આત્મકલ્યાણ સાધનારા બનીએ એ જ એક અભિલાષા.

## અધ્યયનના વિવિધ વિષયો

| | | |
|---|---|---|
| ૧. | પદાર્થ સાહિત્ય | : લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધાર આદિ |
| ૨. | લાક્ષણિક સાહિત્ય | : અલંકાર, છંદ, નાટ્ય આદિ |
| ૩. | આધ્યાત્મિક સાહિત્ય | : યોગ, અધ્યાત્મના ગ્રંથો આદિ |
| ૪. | કર્મ સાહિત્ય | : પંચસંગ્રહ, કમ્મપયડી આદિ |
| ૫. | વ્યાકરણ સાહિત્ય | : વ્યાકરણ, કોશ આદિ |
| ૬. | આગમ સાહિત્ય | : અંગ, ઉપાંગ, પયન્ના આદિ |
| ૭. | દાર્શનિક સાહિત્ય | : સ્યાદ્વાદ રત્નાકર, સન્મતિતર્ક આદિ |
| ૮. | વાદ સાહિત્ય | : પ્રશ્નોત્તર ગ્રંથો, ધર્મપરીક્ષા આદિ |
| ૯. | ગુર્જરકાવ્ય સાહિત્ય | : સ્તવન, સજ્ઝાય, રાસ આદિ |

